RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 233* Date: 20.06.2022 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# અગ્નિવીરોને તે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે જે એક સેનાના જવાનને કરાવવામાં આવે છે.




નવીદિલ્હી,તા.૧૯

ભારત સરકારની અગ્નિપથ યોજનાને લઈને દેશમાં યુવાઓ રસ્તા પર ઉતરી રહ્યાં છે. દેશના ઘણા રાજ્યોમાં હિંસક પ્રદર્શનથી લઈને રાજકીય વિરોધ પણ તેમાં સામેલ છે. તો સરકાર આ યોજનાને લઈને સતત લોકોને જાગરૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. આ વિશે વધુ જાણકારી આપવામાં આવી રહી છે. આ ક્રમમાં ભારતીય વાયુસેનાએ આ યોજના વિશે વિસ્તૃત જાણકારી પોતાની વેબસાઇટ પર આપી છે. વેબસાઇટ પ્રમાણે અગ્નિવીરોને તે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે જે એક સેનાના જવાનને કરાવવામાં આવે છે. અગ્નિવીર પણ તેવું જીવન જીવશે જેવું એક સૈનિક જીવે છે. આ સિવાય ઘણી સુવિધાઓ આ અગ્નિવીરોને આપવાની વાત કહેવામાં આવી છે.

અગ્નિપથ યોજના હેઠળ અગ્નિપથની ભરતી માટે, એરફોર્સે તેની વેબસાઇટ પર વિગતો જાહેર કરી છે. આ વિગત મુજબ, ચાર વર્ષની સેવા દરમિયાન અગ્નિવીરોની વાયુસેના દ્વારા ઘણી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે, જે કાયમી એરમેન માટે ઉપલબ્ધ સુવિધાઓ અનુસાર હશે. એરફોર્સની વેબસાઈટ પર અપલોડ કરાયેલી માહિતી અનુસાર, પગારની સાથે અગ્નિવીરોને હાર્ડશિપ એલાઉન્સ, યુનિફોર્મ એલાઉન્સ, કેન્ટીન ફેસિલિટી અને મેડિકલ ફેસિલિટી પણ મળશે. આ સુવિધાઓ નિયમિત સૈનિક માટે ઉપલબ્ધ છે.

અગ્નિવીરોને સેવાના સમયગાળા દરમિયાન મુસાફરી ભથ્થું પણ મળશે. આ સિવાય તેને વર્ષમાં ૩૦ દિવસની રજા મળશે. તેમના માટે મેડિકલ લીવની વ્યવસ્થા અલગ છે. અગ્નિવીરોને ઝજીઢ કેન્ટીનની સુવિધા પણ મળશે. જો કમનસીબે કોઈ અગ્નિવીર સેવા દરમિયાન મૃત્યુ પામે છે (ચાર વર્ષ) તો તેના પરિવારને વીમા કવચ મળશે. આ અંતર્ગત તેના પરિવારને લગભગ ૧ કરોડ રૂપિયા મળશે.

એરફોર્સે કહ્યું છે કે એરફોર્સ એક્ટ ૧૯૫૦ હેઠળ એરફોર્સમાં તેમની ભરતી ૪ વર્ષ માટે રહેશે. એરફોર્સમાં અગ્નિવીરોની અલગ રેક્ક હશે, જે હાલના રેક્કથી અલગ હશે. અગ્નિવીરોએ અગ્નિપથ યોજનાની તમામ શરતોનું પાલન કરવું પડશે. એરફોર્સમાં નિમણૂક સમયે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના અગ્નિવીરોએ તેમના માતા-પિતા અથવા વાલીઓ દ્વારા સહી કરેલ નિમણૂક પત્રો મેળવવાના રહેશે. ચાર વર્ષની સેવા બાદ ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત કેડરમાં લેવામાં આવશે. આ ૨૫ ટકા અગ્નિવીરોની સેવા સમયગાળા દરમિયાન તેમની સેવા કામગીરીના આધારે નિમણૂક કરવામાં આવશે.

વાયુસેના અનુસાર અગ્નિવીર સન્માન અને પુરસ્કારનો હકદાર બનશે. વાયુસેનાની માર્ગદર્શિકા મુજબ અગ્નિવીરોને સન્માન અને પુરસ્કાર આપવામાં આવશે. એરફોર્સમાં ભરતી થયા બાદ અગ્નિવીરોને સેનાની જરૂરિયાત મુજબ ટ્રેનિંગ આપવામાં આવશે.

અગ્નિવીરોને ૪ વર્ષના સેવા સમયગાળા દરમિયાન રૂ. ૪૮ લાખનું વીમા કવચ મળશે. આ સિવાય તેમને ૪૪ લાખ રૂપિયાની એકમ રકમ પણ આપવામાં આવશે. આ ઉપરાંત બાળકનો પગાર પણ અગ્નવીરના પરિવારને ચાર વર્ષ સુધી બાળકની સેવા માટે આપવામાં આવશે. આ ઉપરાંત અગ્નિવીરના નિવૃત્તિ ફંડમાં જમા થયેલી રકમ પર સરકારનું યોગદાન અને વ્યાજ પણ અગ્નિવીરના પરિવારને આપવામાં આવશે.

જો અગ્નિવીર ફરજમાં વિકલાંગ થઈ જાય તો તેમને ૪૪ લાખ રૂપિયા એક્સ-ગ્રેશિયા મળશે. આ સાથે, બાકીની નોકરીનો સંપૂર્ણ પગાર મળશે, આ ઉપરાંત, સેવા ભંડોળનું પેકેજ પણ મળશે. જો કે, અગ્નિવીરોને મળેલી રકમ વિકલાંગતાના પ્રમાણને આધારે વધુ કે ઓછી હોઈ શકે છે. સેવા પૂરી થવા પર અગ્નિવીરોને વિગતવાર કૌશલ્ય પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પ્રમાણપત્ર અગ્નિવીરોની કુશળતા અને લાયકાતનું વર્ણન કરશે.

સેનામાં ભરતીની નવી અગ્નિપથ યોજના પર વિરોધ પ્રદર્શનો વચ્ચે રક્ષામંત્રી રાજનાથ સિંહે રવિવાર સવારે ત્રણેય સેનાઓના પ્રમુખો સાથે બેઠક કરી હતી.જોકે, આ યોજનાનો દેશના અલગઅલગ ભાગોમાં વિરોધ થઈ રહ્યો છે. કેટલીક જગ્યાએ ટ્રેનોમાં આગ ચાંપવામાં આવી છે. અગાઉ શનિવારે સેનામાં ભરતીની નવી યોજના અગ્નિપથના વિરોધમાં દેશમાં ચાલી રહેલા વિરોધપ્રદર્શનને કારણે રેલવેએ ૩૬૯ ટ્રેન રદ કરવી પડી હતી. આ ટ્રેનમાં ૨૧૦ મેલ-એક્સપ્રેસ રેલગાડી અને ૧૫૯ સ્થાનિક ગાડી સામેલ છે. અગાઉ પણ ૨૦૦ ટ્રેન રદ કરવી પડી હતી. બિહારમાં સેનામાં ભરતીની યોજનાના વિરોધમાં શનિવારે બંધનું એલાન આપવામાં આવ્યું હતું. અધિકારીઓએ કહ્યું કે નારાજ પ્રદર્શનકારીઓએ શનિવારે બિહારના તારેગના રેલવે સ્ટેશનને આગને હવાલે કરી દીધું હતું.

બિહાર પોલીસના એક વરિષ્ઠ અધિકારી સંજયસિંહે સમાચાર એજન્સી રૉયટર્સને કહ્યું કે હજારોની સંખ્યામાં નવજવાનોએ ટ્રેનની બોગીઓ પર હુમલો કર્યો, ટાયર સળગાવ્યાં અને અધિકારીઓ સાથે ઘર્ષણ પણ થયું.તેમણે માહિતી આપી કે કમસે કમ ૧૨ પ્રદર્શનકારીની ધરપકડ કરાઈ છે.

## સંઘની શાખાઓનો વિરોધ કરીશું,તેઓ ઝેર ભેળવનારા લોકો : રાકેશ ટિકૈત

હરિદ્વાર,તા.૧૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પત્રિકામાં સિસૌલીના લોકોને ખાલિસ્તાન સમર્થત બતાવનારા લેખનો લઈ ભારતીય કિસાન યુનિયનના પ્રવકતા રાકેશ ટિકૈત ઉશ્કેરાઇ ગયા હતાં રાકેશ ટિકૈતે અહીં આયોજીત ત્રણ દિવસીય કિસાન શિબિરના બીજા દિવસે પત્રકારો સાથેની વાતચીત કરતા સંઘની પત્રિકામાં છપાયેલા લેખ પર વાંધો ઉઠાવ્યો.તેમણે કહ્યું કે સિસૌલીના લોકોને ખાલિસ્તાની બતાવનારા ભાગને હટાવી પત્રિકામાં યોગ્ય તથ્ય નહીં છાપે તો અમે લેખ લખનારા અને છાપનારાઓની વિરૂધ્ધ કેસ દાખલ કરાવીશું

રાકેશ ટિકૈતે કહ્યું કે પત્રિકામાં છપાયેલા લેખમાં લખવામાં આવ્યું છે કે અમે ખાલિસ્તાનીઓનું સમર્થન કર્યું ભાઇ તે એ બતાવી કે કે શું પુરાવા છે શું દેશના તમામ સરદાર ખાલિસ્તાની છે અમે કહ્યાંથી આવ્યા છીએ ભાઇ અમને પણ બતાવી દો.તેમણે કહ્યું કે જયાં સુધી તેને લઇ સ્પષ્ટીકરણ નહીં કરવામાં આવે ત્યાં સુધી સંઘની શાખાનો પૂર્ણ રીતે બહિષ્કાર કરીશું રાકેશ ટિકૈતે કહ્યું કે લેખમાં અમારા પરિવારની બાબતમાં જે છપાયુ છે સંગઠનની બાબતમાં જે છપાયું છે તેને તેઓ યોગ્ય કરી છાપે

તેમણે કહ્યુયં કે લેખમાં અમારી તસવીર ખરાબ કરવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે અમે તેનો પુરી રીતે વિરોધ કરીશું ટિકૈતે સંઘની શાખાઓના વિરોધનની જાહેરાત કરી અને કહ્યું કે જયાં જયાં સંઘની શાખા લાગશે ત્યાં ત્યાં અમે પણ શાખાઓ લગાવીશું લાકડીઓ તો અમારી પાસે છે જ તેમણે કહ્યું કે કિસાનની લાઠી પરમાનેંટ છે આ તો નકલી લાકડીઓ રાખનારા લોકો છે કિસાન નેતાએ કહ્યું કે તે ઝેર ભેળવવાનું કાર્ય કરે છે તે આજે ખબર પડી આ પુજા પાઠ કરનારા લાગે છે પરંતુ છે નહીં

કિસાન નેતા રાકેશ ટિકૈતે સેનામાં ભરતીની અગ્નિપથ યોજનાનો વિરોધ કર્યો અને કહ્યું કે દેશ આવી રીતે ચાલે નનહીં તેમણે આ યોજનાની વિરૂધ્ધ ૩૦ જુને જીલ્લા મુખ્યમથકો પર પ્રદર્શન કરવાની પણ જાહેરાત કરી અને કહ્યું કે આગળની રણનીતિ ત્યાં નક્કી કરવામાં આવશે. રાકેશ ટિકૈતે લાલ કોઠીઠી ચરણસિંહ ઘાટ સુધી પગપાળા માર્ચ કરવાની પણ જાહેરાત કરી છે.

### અગ્નિપથની આગમાં એનડીએ પણ સળગ્યું

## એક કાવતરા હેઠળ વિરોધ પક્ષોની સાથે સાથે અમારી સાથી પાર્ટી સમગ્ર બિહારને સળગાવી રહી છે : ભાજપ

પટણા,તા.૧૯

અગ્નિપથ યોજનાના વિરોધમાં બિહારમાં વિવાદ જારી છે વિદ્યાર્થીઓ માર્ગો ઉપર આવી રહ્યાં છે અને આંદોલન કરી રહ્યાં છે આ આંદોલનને રાજદ સહિત અનેક પાર્ટીઓએ સમર્થન આપ્યું છે. જયારે બીજી તરફ અગ્નિપથ પથની આગમાં એનડીએ સળગી રહ્યું છે ભાજપે પોતાના જ સાથી જદયુ પર નિશાન સાધ્યું છે.આ સાથે જ પ્રશાસનની ભૂમિકા પર પણ સવાલ ઉઠાવ્યા છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ ડો સંજય જાયસવાલે પાર્ટી ઓફિસમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે એક મોટા કાવતરા હેઠળ વિરોધ પક્ષોની સાથે સાથે અમારી સાથી પાર્ટી સમગ્ર બિહારને સળગાવી રહ્યું છે ભાજપ નેતાઓ અને તેમના પરિવારને નિશાન બનાવવામાં આવી રહ્યાં છે તે બિલકુલ ખોટું છે.તેમણે પોતાની જ સરકારના કાયદો અને વ્યવસ્થા પર પણ સવાલ ઉઠાવતા કહ્યું કે પોલીસ જો ઇચ્છે તો પ્રદર્શનકારીઓને રોકી શકાયા હોત પરંતુ તેમની સામે સરકારી સંપત્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું અને આ લોકો જોતા રહ્યાં

સંજય જાયસવાલે જદયુ પર નિશાન સાધતા કહ્યું કે જો કોઇને આ યોજનાથી કોઇ સમસ્યા છે તો વાત કરે એ પરેશાની દુર કરીશું ભાજપને નિશાન બનાવવામાં આવી રહી છે ભાજપ કાર્યાલયોમાં આગ લગાડવા અંગે સવાલ ઉઠાવતા કહ્યું કે પ્રશાસનને સ્પષ્ટતા કરવી પડશે આખરે બિહારમાં જ કેમ ભાજપ કાર્યાલયોમાં આગ લગાડવામાં આવી રહી છે લલન સિંહ અને ઉપેન્દ્રસિંહ કુશવાહાના નિવેદનને લઇ પુછવા પર કહ્યું કે વિરોધ કરવાનો બધાને અધિકાર છે પરંતુ ભાજપ નેતાઓ પર વ્યક્તિગત હુમલા પોલીસ પ્રશાસનથી કરાવવા કેટલું યોગ્ય છે.

સંજય જયસવાલે કહ્યું કે અગ્નિપથ યોજના પાંચ દિવસ પહેલા લાગુ કરવામાં આવી છે.આ યોજના હેઠળ યુવા ચાર વર્ષ સુધી સેનામાં કામ કરી શકશે તેમાં ૨૫ ટકા જે સારી હશે તેને રોગ્યુલર આર્મીમાં લેવામાં આવશે.આ યોજના એટલા માટે બનાવવામાં આવી છે કારણ કે ૨૫ વર્ષથી ઓછી વયના યુવાનોની રિઝર્વ સેના બનાવી શકાય પરંતુ વિરોધ પક્ષોને કોઇ માહિતી નથી તે લોકોને કારણ વિના ઉશ્કેરવાનું કામ કરી રહ્યાં છે.

એ યાદ રહે કે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ અગ્નિપથ યોજનાનો દેશભરમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે.સૌથી વધુ વિરોધ બિહારમાં થઇ રહ્યો છે.બિહારમાં યુવાનો માર્ગો ઉપર ઉતરી આવ્યા છે અને પ્રદર્શન કરી રહ્યાં છે.યુવાનોએ પ્રદર્શન દરમિયાન અનેક ટ્રેનોને આગ લગાડી દીધી છે અનેક વાહનોને આગ ચાપી દીધી છે પોલીસ પર પથ્થરમારોના બનાવો પણ બનવા પામ્યા છે.પોલીસે આ પ્રદર્શનમાં દરમિયાન લાઠીચાર્જ અને ગોળીબારનો પણ સહારો લીધો છે.

## અગ્નિપથ યોજના જેવી યોજના પુરા બ્રહ્માણમાં નથી : પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જીતુ પટવારી

### વડાપ્રધાને નોટબંધી કરાવી,જીએસટી ખોટી રીતે લાગુ કરી કાળા નાંણા લાવવાની વાત કહી હતી હવે તે કયું તંત્ર કામ કરી રહ્યું છે

ઈન્દોર,તા.૧૯

દેશભરમાં અગ્નિપથ યોજનાને લઇ વિવાદ ચાલી રહ્યો છે વિવિધ રાજયોમાં છાત્ર યોજનાના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યાં છે આ દરમિયાન મધ્યપ્રદેશના ઈન્દોરના રાઉથી ધારાસભ્ય જીતુ પટવારીએ કટાક્ષ કર્યો છે.તેમણે અગ્નિપથ યોજનાને લઇ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કરતા કહ્યું કે આ યોજનાથી થનાર દુષ્પરિણામોને લઇ સોશલ મીડિયા પર નિવેદન જારી કરી વિરોધી જાહેર કર્યા છે.દેશભરમાં અગ્નિપથ યોજનાને લઇ ચાલી રહેલ વિવાદ પર પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જીતુ પટવારીએ યોજનાનો વિરોધ કરતા કહ્યું કે વડાપ્રધાને દર વર્ષે બે કરોડ રોજગાર આપવાની વાત કરી હતી હવે આઠ વર્ષ બાદ ઉંઘી ખુલી છે સેનામાં યુવાનોને ચાર વર્ષ માટે નોકરી આપવાની અગ્નિપથ નામથી યોજના શરૂ કરી છે જેમાં યુવા ચાર વર્ષ નોકરી કરશે ત્યારબાદ ફરી ધરે બેસી જશે આ રોજગાર માટે યોજના છે કે અગ્નિ યોજના છે કે અગ્નિપથ યોજના દેશમાં આગ લગાવવા માટે છે.જીતુ પટવારીએ કહ્યું કે વડાપ્રધાને નોટબંધી કરાવી,જીએસટી ખોટી રીતે લાગુ કરી કાળા નાંણા લાવવાની વાત કહી હતી હવે તે કયું તંત્ર કામ કરી રહ્યું છે જે અગ્નિપથ યોજના લાગુ કરવા માટે વિચાર તમારા મનમાં લઈને આવ્યા છે.દેશની અર્થવ્યવસ્થા અને કિસાનોના જે હાલ થયા યુવા બેરોજગાર છે ઘેર ઘેર દરેક એક પરિવારનો સાથી દુખી છે તેમની સાથે તમે આ રીતની મજાક કેમ કરી રહ્યાં છોતેમણે વધુમાં કહ્યું કે તમને વિનંતી છે કે સરકારની જવાબદારી હોય છે કોઇ પણ યોજના લઇ આવો યુવાનોને રોજગાર આપો સરકાર તેના માટે જ હોય છે તમે પ્રયાસ કર્યો તેના માટે સાધુવાદ પરંતુ આ પધ્ધતિનો એક આઇડિયા પોતાના આપમાં શર્મસાર છે જેમાં રોજગારના નામથી યુવાનોની સાથે મજાક કરવામાં આવી રહી છે.મોદીજી ફરીથી વિચાર કરો અગ્નિપથ યોજના જરૂર લાગુ કરો એક લાખ યુવાનોને રોજગાર આપો સેનામાં ભરતી કરાવો પરંતુ પૂર્ણ કાલીન કરો આ ચાર વર્ષ માટે વિશ્વમાં એક પધ્ધતિનો નવો અધ્યાય બ્રહ્માંડમાં કોઇ એવું કામ થયું નથી જે રોજમદાર મજદુરી યોજના લઇ આવ્યા અહીં તેના પર ફરીથી પુનર્વિચાર થવો જોઇએ એ યાદ રહે કે જે રીતે દેશભરમાં કેન્દ્ર સરકાર દ્વારા અગ્નિપથ યોજનાનો વિરોધ છાત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે તેને લઇ વિરોધ પક્ષોને પણ કેન્દ્ર સરકાર પર હુમલો કરવાની તક મળી છે આજ કડીમાં જીતુ પટવારી દ્વારા પણ અગ્નિપથ યોજનાને લઇ સરકાર પર કટાક્ષ કરવામાં આવ્યો છે.

## ચીને ૧૯૯૩ અને ૧૯૯૬ના કરારનું ઉલ્લંઘન કર્યું છે : ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર

નવીદિલ્હી,તા.૧૯

ભારતે ચીનને સ્પષ્ટપણે કહ્યું છે કે ભારત ચીનને કોઈપણ સંજોગોમાં એલએસી પર યથાસ્થિતિ બદલવાની મંજૂરી નહીં આપે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે પણ કહ્યું કે ભારત વાસ્તવિક નિયંત્રણ રેખા પર કોઈપણ પ્રકારની છેડછાડ સહન કરશે નહીં. વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું કે, કોરોના જેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ ભારતે એલએસી પર ચીન સામે લડત આપી છે.

પૂર્વી લદ્દાખમાં ચાલી રહેલા સીમા વિવાદનો ઉલ્લેખ કરતા વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે ચીને ૧૯૯૩ અને ૧૯૯૬માં થયેલા કરારોનું ઉલ્લંઘન કર્યું છે અને ન્છઝ પર મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત કર્યા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે ચીન ન્છઝને એકતરફી રીતે બદલવા માંગે છે. જો કે ભારતે ચીનના આ પગલાનો જોરદાર જવાબ આપ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે દેશના આ પ્રયાસને ન તો રાજકીય પક્ષો અને ન લોકો સમજી રહ્યા છે. વિશ્લેષકો પણ આ પાસા પર વધુ ધ્યાન આપી શક્યા નથી.

વિદેશ મંત્રી જયશંકરે એમ પણ કહ્યું હતું કે ભારત ક્યારેય એલએસીની સ્થિતિમાં એકપક્ષીય ફેરફારની મંજૂરી આપશે નહીં. અમે આ માટે તમામ પ્રયાસો કરીશું. પયગંબર મોહમ્મદ પરની ટિપ્પણી બાદ અન્ય દેશોની પ્રતિક્રિયા પર વિદેશ મંત્રીએ કહ્યું કે અન્ય દેશોએ સ્વીકાર્યું છે કે જે કહેવામાં આવ્યું છે તે ભારત સરકારના વિચારો નથી. તેમણે ભાજપનો પણ બચાવ કર્યો અને કહ્યું કે પાર્ટીએ પણ આ અંગે સ્પષ્ટતા કરી છે અને કાર્યવાહી કરી છે.

એક કાર્યક્રમ દરમિયાન વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે સામાન્ય રીતે સૈનિકો પેટ્રોલિંગ પોઈન્ટ પર તૈનાત નથી હોતા.

### ભારત વાસ્તવિક નિયંત્રણ રેખા પર કોઈપણ પ્રકારની છેડછાડ સહન કરશે નહીં

સૈનિકો હંમેશા અંદર હોય છે. સામાન્ય લોકો પાસે સરહદ વિશે ઘણી સામાન્ય માહિતી હોય છે. જ્યારે ચીને પોતાના સૈનિકોને મોરચે તૈનાત કર્યા હતા ત્યારે ભારતે પણ આ જ નીતિ અપનાવી છે. પરિણામે બંને દેશના સૈનિકો ખૂબ નજીક આવી ગયા. ગેલવાનની હિંસા આનું પરિણામ હતું. જો કે હવે કેટલાક સ્થળોએ સૈનિકો પાછા ખેંચવામાં આવ્યા છે, પરંતુ પરિસ્થિતિ તંગ છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતે સતત એ વાતને જાળવી રાખી છે કે ન્છઝ પર શાંતિ હોવી જોઈએ. સાથે જ દ્વિપક્ષીય સંબંધો પણ અકબંધ રહ્યા. વિદેશ મંત્રીએ કહ્યું કે અમેરિકા સાથે ભારતનો ઈતિહાસ પરેશાનીભર્યો રહ્યો છે. પાકિસ્તાન સાથેની અમારી ઘણી સમસ્યાઓ સીધી રીતે અમેરિકાએ પાકિસ્તાનને આપેલા સમર્થનને કારણે છે. પરંતુ આજે અમેરિકા એક અલગ દૃષ્ટિકોણ અપનાવવામાં સક્ષમ છે, જે ખરેખર કહે છે કે ભારતનો રશિયા સાથે અલગ ઈતિહાસ અને સંબંધ છે, જેને આપણે ધ્યાનમાં રાખવાની જરૂર છે. તેમણે કહ્યું કે રશિયા સાથેનો ભારતનો ઈતિહાસ અમેરિકા, જાપાન કે ઓસ્ટ્રેલિયા સાથેના ઈતિહાસથી અલગ છે. ક્વોડમાં દરેક વસ્તુ પર દરેકની સમાન સ્થિતિ હોતી નથી. જો એવું થાય તો અમે અપેક્ષા રાખીએ છીએ કે પાકિસ્તાનનું વલણ આપણા જેવું જ હોવું જોઈએ.

## નુપુર શર્મા અને નવીન જીંદલની ધરપકડ થશે તો જ શાંતિ મળશે : સપા સાંસદ

લખનૌ,તા.૧૯

પેગંબર પર વિવાદિત ટીપ્પણી વિવાદમાં સમાજવાદી પાર્ટીના સાંસદ શફીકુર્રહમાન બર્કે નુપુર શર્મા અને નવીન જીંદલની ધરપકડ કરવાની માંગ કરી છે અને કહ્યું છે કે તેમનો ગુનો માફ કરવા યોગ્ય નથી તેમણે કહ્યું કે જયાં સુધી ધરપકડ નહીં થાય ત્યાં સુધી મુસલમાન ચેનથી બેસી શકશે નહીં.આ સાથે જ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને પણ નિશાન પર લીધા અને કહ્યું કે તેમની ચુપકીદી તકલીફદાયક છે.એ યાદ રહે કે નુપુર અને જીંદલ સામે વિરોધ પ્રદર્શન બાદ થયેલી હિંસક ઘટનાઓને જોતા પોલીસ પ્રશાસન એલર્ટ છે.ઉત્તરપ્રદેશના જાલૌન સીતાપુર આગ્રા અને અલીગઢમાં પોલીસ પ્રશાસન ખુબ સતર્ક છે.પોલીસનું કહેવું છે કે જો કોઇ તોફાનો ફેલાવવાનો પ્રયાસ કરશે તો સખ્ત કાર્યવાહી કરવામાં આવશે એ યાદ રહે કે પેગંબર મોહમ્મદ પર વિવાદિત ટીપ્પણીના વિરોધમાં રાજયના વિવિધ વિસ્તારોમાં ભારે વિરોધ પ્રદર્શન થયા હતાં જેમાં તોડફોડ આગ અને પથ્થરમારાની ઘટનાઓ જોવા મળી હતી

## તંત્રી સ્થાનેથી...

# વિખેરાયેલા વિપક્ષની અસંગત રણનીતિ

હાલમાં દેશમાં રસપ્રદ માહોલ ચાલી રહ્યો છે. દેશના રાજકીય મંચ પર ત્રણ અલગ-અલગ પ્રકારનાં નાટક ભજવાઈ રહ્યાં છે. તેમાં વિપક્ષી દળો પોતપોતાની પટકથાઓ પર અલગ-અલગ ભૂમિકાઓ નિભાવી રહ્યા છે. કોંગ્રેસ ઈડી દ્વારા પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને પૂછપરછ માટે બોલાવવા વિરુદ્ધ 'હઠાગ્રહ' કરી રહી છે. વિપક્ષી દળોની એક ટુકડી આગામી રાષ્ટ્રપતિ ચૂંટણી માટે રણનીતિ બનાવવામાં પડી છે. જ્યારે પયગંબર પર ભાજપની બરતરફ પ્રવક્તાની ટિપ્પણી પર હોબાળાની જવાબદારી ઓવૈસીની ખાંટી મુસ્લિમ પાર્ટી અને કથિત માનવાધિકારવાદીઓએ લઈ લીધી છે. આખું પરિદૃશ્ય રાજકીય પક્ષોની પ્રાથમિકતાઓ અને રણનીતિમાં સાવ ભિન્નતા જ દર્શાવે છે, તેમ છતાં એ બધાનું લક્ષ્ય સમાન છે અને તે એ કે આગામી સામાન્ય ચૂંટણીઓમાં ભાજપ અને નરેન્દ્ર મોદીને સત્તામાંથી બહાર કરવા. તેનાથી વિપરીત ભાજપનું સમગ્ર ધ્યાન ચૂંટણી જીતવા પર કેન્દ્રિત છે.

વિપક્ષથી બેપરવા ભાજપે આગામી વિધાનસભા ચૂંટણીઓ પર પોતાની નજરો જમાવી છે. તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ ગુજરાતનું ચૂંટણી યુદ્ધ હશે. સત્તારૂઢ પક્ષ પોતાના એજન્ડા પર આગળ વધી રહ્યો છે. પયગંબર પર કરવામાં આવેલી અનિચ્છનિય ટિપ્પણી પર અરબ દેશોની પ્રતિક્રિયાવાળા વિવાદ પર પણ તેણે સફળતાપૂર્વક પડદો પાડી દીધો છે. વડાપ્રધાન નવી મહત્ત્વાકાંક્ષી યોજનાઓની જાહેરાતો કરી રહ્યા છે. આ કડીમાં તેમણે આગામી દોઢ વર્ષમાં ૧૦ લાખ સરકારી ભરતીઓનું એલાન કર્યું અને અગ્નિપથ જેવી યોજનાની પણ જાહેરાત કરી, જેમાં વર્ષે ચાલીસ હજારથી વધુ ભરતીઓ થવાની છે. પાર્ટીને પોતાના 'બુલડોઝર સીએમ' યોગી આદિત્યનાથ, જેમની લોકપ્રિયતા સતત વધતી જાય છે, તેમની દમદાર નીતિઓની એક વર્ગ દ્વારા થઈરહેલી ટીકાઓની પણ કોઈ પરવા નથી. આ પ્રકારે જોવામાં આવે તો જ્યાં વિપક્ષ એ સાબિત કરવા મથી રહ્યો છે કે દેશમાં ક્યાંય કશું જ બરાબર નથી ચાલી રહ્યું, જ્યારે ભાજપ એ દર્શાવી રહી છે કે બધું જ સામાન્ય રીતે ચાલી રહ્યું છે. આ વિભાજનથી તો આમ જનતાએ દુવિધામાં હોવું જોઈએ. જોકે તેઓ નેતાઓની નૂરાકુશ્તીને બદલે પોતાના દૈનિક જીવનના તાત્કાલિક પડકારો સામે વધુ ઝઝૂમી રહ્યા છે. વિપક્ષી દળો આ બિંદુની અવગણના કરતા જોવા મળે છે. તેમની અસંગત રણનીતિઓના કોલાહલમાં વાસ્તવિક મુદ્દાઓનો અવાજ દમ તોડતો જાય છે. તેનાથી વિપક્ષી નેતાઓમાં આ વિસંગતિના જ સંકેત દેખાય છે કે તેઓ પોતાની મહત્ત્વાકાંક્ષાની જાળમાં ગૂંચવાયેલા છે. સ્પષ્ટ છે કે તેણે જનતાને નિરાશ કરી છે.

થોડા સમય પહેલાં કોંગ્રેસે ઉદયપુરમાં ચિંતન શિબિર આયોજિત કરી હતી. એ શિબિરમાં પસાર કરાયેલા સંકલ્પોની શાહી સૂકાઈ પણ ન હતી કે તેના મર્મની જ અવગણના કરી દેવાઈ. રાહુલ ગાંધીએ વિદેશ પ્રવાસો પર જે ઈન્ટરવ્યૂ આપ્યા, તેનાથી એ જ સાબિત થયું કે પાર્ટીમાં સર્વેસર્વા કોણ છે. ક્યાં એમ કહેવામાં આવ્યું હતું કે રાજ્યસભા માટે ઉમેદવાર પસંદગી માટે એક ઉચ્ચ અધિકાર પ્રાપ્ત રાજકીય બાબતોની સમિતિ રચવામાં આવી છે અને ક્યાં એ વાત સામે આવી કે પરિવારના ત્રણ સદસ્યોએ જ આ બધું નક્કી કરી લીદું અને તે પણ કથિત રૂપે ઝૂમ કોલ પર! એનાથી એ જ સંકેત નીકળ્યો કે 'પરિવાર સંચાલિત' ઉપક્રમમાં કંઈપણ બદલાયું નથી. આ શિબિરમાં 'ભારત જોડો આંદોલન'નું જોરશોરથી એલાન થયું. કહેવામાં આવ્યું કે તે અંતર્ગત રાહુલ ગાંધી કન્યાકુમારીથી કાશ્મીર સુધી પદયાત્રા કરશે. બાદમાં એ એવું સામે આવ્યું કે તેઓ આખી યાત્રા સાથે જોડાવા નથી માંગતા અને તેનું નેતૃત્વ તો નથી જ કરવાના. તેને બદલે પાર્ટીએ પોતાની સમગ્ર ઊર્જા ઈડી દ્વારા સોનિયા-રાહુલને મોકલવામાં આવેલ નોટિસના વિરોધમાં સત્યાગ્રહના નામે દેશવ્યાપી હઠાગ્રહનું પ્રદર્શન કર્યું. તેનો સંદેશ સ્પષ્ટ છે કે સંગઠન માટે દેશ અને પાર્ટી કરતાં પહેલાં પરિવાર જ પ્રાથમિકતા છે.

# અવધૂત ગુરૂ દત્તાત્રેય અને તેમના ૨૪ ગુરૂઓ (ભાગ-૪)



અવધૂત ગુરૂ દત્તાત્રેય ઋષિએ બૃધ્ધિના વિકાસ માટે તથા વિશ્વમાં પોતાને સુરક્ષિત અને સફળ બનાવવા કુલ ૨૪ જીવો તથા પદાર્થોની પાસેથી તેમને ગુરૂ માનીને તેમની પાસેથી બોધ પ્રાપ્ત કર્યો છે. અત્યાર સુધી આપણે ૧૮ ગુરૂઓની ચર્ચા કરી હતી.

(૧૯)અર્ભકઃ અર્ભક એટલે નાનું બાળક. અવધૂત દત્તાત્રેયે નાના બાળક પાસેથી પણ જ્ઞાન પ્રાપ્ત કર્યુ. નાના બાળકને માન કે અપમાનનું ધ્યાન હોતું નથી અને ઘર તથા પરીવારજનોની કોઇ ચિન્તા હોતી નથી.તે પોતાના આત્મામાં જ રમણ કરે છે.. તે શિક્ષણ મેં નાના બાળક પાસેથી લીધેલ છે.આ જગતમાં બે જ વ્યક્તિ નિશ્ચિંત અને પરમાનંદમાં મગ્ન રહે છે.નાનું બાળક અને જે પુરૂષ ગુણાતીત બની ગયો છે તે. બાળકને માન અપમાનની કલ્પના નથી,જયારે આપણને એક જ કામના રહે છે કેઃ લોકો અમોને સારા કહે. માણસની ૮૦ ટકા શક્તિ લોક આરાધનામાં ખર્ચાઇ જાય છે.નાનું બાળક નિશ્ચિંત છે તેમ માણસે ચિંતા છોડી દેવી જોઇએ.જયાં સુધી ચિંતા છે ત્યાં સુધી વ્યથા રહેવાની જ ! સુભાષિતકાર કહે છે કે:×ચિન્તા ચિત્તા સમાનાસ્તિ× ચિત્તા માણસને મરી ગયા પછી બાળે છે પણ ચિન્તા તો માણસને જીવતાં જ બાળે છે.શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કેઃ ×ભૂતકાળની ચિંતા છોડી દો, ભવિષ્યકાળની લાલસા છોડી દો અને વર્તમાનને પકડો.× ભગવાને વિસ્મૃતિ ના રાખી હોત તો ભૂતકાળમાં થયેલી ભૂલો, ભોગવેલા દુઃખો યાદ કરીને માણસ મરી જાત.આ ચિંતા દૂર કરવાનો ઉપાય છે:ખરાબમાં ખરાબ સ્વીંકારવાની તૈયારી રાખો,જેથી માનસિક શાંતિ મળશે.ચિંતાનું બીજું કારણ છેઃમુઝવણ."Confusion is the Chief Cause of Worry." માણસ નવરો હોય ત્યારે ચિંતા કર્યા કરે છે માટે કામમાં સતત વ્યસ્ત રહો. બીજું કુવિચારથી ચિંતા ઉભી થાય છે.ક્ષુદ્ર,દુર્બળ વિચારો સાંભળવાથી ચિંતા થશે પરંતુ જે બીજાની ચિંતા કરવા લાગે છે તેના મન ઉપર ચિંતાની ખરાબ અસર થતી નથી.નાના બાળકને જોઈને અવધૂત દત્તાત્રેયને એ કલ્પના આવી કેઃ વિષય સુખના બદલે આત્મિક સુખની ઈચ્છા કરવી, માન અપમાનથી દૂર રહેવું અને ચિંતા છોડી દેવી.

(૨૦)કુમારીકાઃ એક વખત અવધૂત ફરતા ફરતા એક ઘરમાં ગયા તો એક કુંવારી કન્યા એકલી જ ઘેર હતી.ઘરના તમામ સદસ્યો બહાર ગયા હતા.ઓચિંતા વર પક્ષના લોકો ઘેર આવ્યા.ઘરમાં બીજું કોઇ હતું નહી.છોકરીએ વિચાર્યું કે ઘરમાં ચોખા નથી તો શું કરવું? આવેલા મહેમાનો બહારના રૂમમાં બેઠા હતા. તે અંદરના રૂમમાં ડાંગર ખાંડવા બેઠી તો બંગડીઓનો અવાજ થવા લાગ્યો.કુમારીકાએ બંગડીઓનો અવાજ ના થાય તે માટે બંને હાથમાં એક એક બંગડી જ રાખી તેના લીધે અવાજ બંધ થઇ ગયો.અવધૂતને લાગ્યું કેઃ જયાં વધારે લોકો ભેગા થાય ત્યાં ઝઘડો થશે,અવાજ થશે, બે લોકો ભેગા થાય તો સંવાદ થાય.આનો અર્થ માણસે એકલા રહેવું જોઇએ તો જ તે શાંતિથી વિચાર કરી શકે.ઘણા લોકો સાથે બેસીને પ્રાર્થના કરી શકે,પ્રાર્થના અને પૂજામાં અંતર છે.પૂજા હંમેશાં એકલા બેસીને જ થાય છે પરંતુ તપ એકલાએ જ કરવું અને અધ્યયન-અભ્યાસ બે જણાએ સાથે મળીને કરવો.. આ ગુણ તેમણે કુમારીકા પાસેથી જાણવા મળ્યો.

(૨૧)સાપઃ સાપ પાસેથી અવધૂત એ શિખ્યા કે:સંન્યાસીએ સાપની માફક એકલા જ વિચરણ કરવું. તેને મંડળ કે મઠ બાંધવો જોઇએ નહી.જનસંગ્રહ ખોટો છે,ઘર રાખવું ખોટું છે.સાપ બોલતો નથી તેમ માણસે પણ મૌનનું મહત્વ સમજીને મૌન રાખવું જોઇએ.સાપ છૂપાઇને ચાલે છે..આ પાંચ વાતો સંન્યાસી પાસે હોવી જોઇએ તે સન્યાસી માટે પંચામૃત છે.

(૨૨)શરકૃતઃ શરકૃત એટલે બાણ બનાવનાર.બાણ બનાવનાર પોતાના કામમાં એટલો બધો તલ્લીન હતો કે તે જ સમયે રસ્તા ઉપરથી રાજાની સવારી પસાર થઇ ગઇ, તે સવારીમાં વાજિત્રો-ઢોલ-શરણાઇ..વગેરેનો ઘણો જ અવાજ થતો હતો, તેમ છતાં બાણ બનાવનાર પોતાના કામમાં એટલો એકાગ્ર હતો કે ઉપર સુધ્ધાં જોયું નહી.આ જોઇને અવધૂતને લાગ્યું કે જગતમાં ઘણા અવાજો આવશે પરંતુ જીવન વિકાસ સાધવાનો પ્રયત્ન કરનારે પોતાના કાર્યમાં એકાગ્ર રહેવું જોઇએ.આસન અને પ્રાણાયામ વડે પ્રાણને જીતીને અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા પોતાના મનને વશમાં કરી લેવું અને પછી પોતાના લક્ષ્ય સ્વ-સ્વરૂપમાં લગાવવું. જયારે પરમાનંદ સ્વરૂપ પરમાત્મામાં મન સ્થિર થઇ જાય છે તો ત્યાર પછી ધીરે ધીરે વાસનાઓની ધૂળ ધોવાઇ જાય છે.જેમ ઇંધન વિના અગ્નિ શાંત પડી જાય છે તેમ સત્વગુણની વૃધ્ધિ થવાથી રજોગુણ અને તમોગુણી વૃત્તિઓનો ત્યાગ થવાથી મન શાંત બની જાય છે.

(૨૩) કીટકઃ(ભમરી) જેવી રીતે ભમરી એક કીડાને લાવીને દિવાલમાં પોતાના બનાવેલ ઘરમાં બંધ કરીને ડંખ માર્યા કરે છે.કીડાને ભય હોય છે કે ભમરી મને ખાઇ જશે, આવા ભયથી તે સતત ભમરીનું જ ચિંતન કરે છે, આમ સતત ચિંતનથી કીડો પોતાના પહેલાંના શરીરનો ત્યાગ કર્યા વિના જ ભમરી બની જાય છે.અવધૂત દત્તાત્રેયે આ કીટક પાસેથી બોધ લીધો કે:×જો પ્રાણી સ્નેહથી-દ્વેષથી અથવા ભયથી પણ જો જાણી જોઇને એકાગ્રરૂપથી પોતાનું મન તેમાં લગાવી દે તો તેને ચિંતન અનુસાર તે વસ્તુ,વ્યક્તિનું સ્વરૂપ પ્રાપ્ત થઇ જાય છે.જીવનમાં ચિંતન ઘણું જ મહત્વનું છે.જેવું ચિંતન કરીશું તેના જેવા થઇ જઇશું.આ ચિંતનમાં આપણે કોનું અને કેટલું ચિંતન કરીએ છીએ તે અગત્યનું છે.પવિત્ર વાતોનું ચિંતન કરવાથી જીવન બદલાય છે.

(૨૪)કરોળિયોઃ જેમ કરોળિયો પોતાની લાળથી જાળ બનાવે છે તેમાં વિહાર કરે છે અને પછી તેને ગળી જાય છે, તેવી જ રીતે તમામના પ્રકાશક અને અંતર્યામી સર્વશક્તિમાન પરમેશ્વર પૂર્વકલ્પમાં અન્ય કોઇની સહાયતા વિના પોતાની માયાથી આ જગતને પોતાનામાંથી ઉત્પન્ન? કરે છે, તેમાં જીવરૂપમાં વિહાર કરે છે અને કલ્પના અંતમાં કાળશક્તિ દ્વારા વિશ્વને પોતાનામાં જ લીન કરી લે છે.

આમ મેં ૨૪ ગુરૂઓ પાસેથી જે શિક્ષણ મેળવ્યું તે મેં બતાવ્યું. હવે મેં પોતાના શરીર પાસેથી જે કંઇ શિખ્યો છું તે બતાવું છું.આ શરીર પણ મારો ગુરૂ છે કારણ કે તે મને વિવેક અને વૈરાગ્યનું શિક્ષણ આપે છે.આત્માની અમરતા અને દેહની ક્ષુદ્રતા સમજાવે છે.આ શરીરને ક્યારેય પોતાનું સમજવું નહી પરંતુ એવો નિશ્ર્ચય કરવો કે તેને એક દિવસ શિયાળ કે કૂતરાં ખાઇ જાય છે અથવા અગ્નિના હવાલે કરી દેવામાં આવશે એટલે તેનાથી અસંગ બનીને વિચરણ કરવું.

જીવ જે શરીરને સુખી રાખવા અનેક પ્રકારની કામનાઓ અને કર્મ કરે છે તથા સ્ત્રી-પૂત્ર ધન-દૌલત ભૌતિક સંપત્તિ,સગાં વહાલાંનો વિસ્તા?ર કરીને તેના પાલન પોષણમાં લાગેલો રહે છે,ઘણી મુશ્કેલીઓ વેઠીને ધનનો સંચય કરે છે.આયુષ્ય પુરૂ થતાં જ શરીર નષ્ટ થઇ જાય છે અને વૃક્ષની જેમ બીજા શરીરના માટે બીજ આરોપીને બીજાઓના માટે પણ દુઃખની વ્યવસ્થા કરીને જાય છે.

જેમ ઘણી બધી સ્ત્રીઓ (પત્નીઓ) એક પતિને પોતાની તરફ ખેંચે છે તેવી જ રીતે જીવને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો પોત પોતાના વિષયો તરફ ખેંચે છે.પરમાત્માએ મનુષ્ય શરીરની રચના એવી બુધ્ધિથી કરી છે કે જે બ્રહ્મ સાક્ષાત્કાર કરી શકે છે. જો કે આ મનુષ્ય શરીર અનિત્ય છે પરંતુ તેનાથી પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ? પણ થઇ શકે છે.મૃત્યુ તેનો દરેક પળે પીછો કરી રહ્યું છે માટે અનેક જન્મોં પછી મળેલો આ અત્યંત દુર્લભ મનુષ્ય જન્મ પામીને બુધ્ધિમાન પુરૂષોએ જેટલું બની શકે તેટલું વહેલું, મૃત્યુ પહેલાં મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઇએ.વિષયભોગ તો અન્ય તમામ યોનિઓમાં પ્રાપ્ત થાય છે જ પરંતુ મોક્ષ માટે ફક્ત મનુષ્ય? જન્મ જ છે, માટે વિષયભોગોમાં અમૂલ્ય જીવન ખોવું ના જોઇએ.

આ વિચારોથી મને જગતમાંથી વૈરાગ્ય થયો.મારા હૃદયમાં જ્ઞાન વિજ્ઞાનની જ્યોતિ જાગવા લાગી. હવે મને કશાયમાં આસક્તિ કે અહંકાર નથી.હવે હું સ્વછંદરૂપથી પૃથ્વી ઉપર વિચરણ કરૂં છું.ફક્ત ગુરૂ પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ કરી લેવા માત્રથી કોઇ એમ વિચારે કેઃ હું ભવસાગર પાર થઇ જઇશ તો તે મનુષ્યની મોટી ભૂલ છે કારણ કેઃ પોતાની બુધ્ધિથી વિચાર કરીને પોતાના કર્મોથી તે જ્ઞાનમાર્ગને અપનાવવામાં ના આવે તો તે શિષ્ય ગુરૂકૃપાનો પાત્ર બની શકતો નથી.ઋષિઓએ એક જ અદ્વિતિય બ્રહ્મનું અનેક પ્રકારથી વર્ણન કર્યું છે. આમ ગંભીર બુધ્ધિવાળા અવધૂત ગુરૂ દત્તાત્રેયે રાજા યદુને ઉપર મુજબનો ઉપદેશ આપ્યો હતો.રાજા યદુ અવધૂત દત્તાત્રેયની આવી વાતો સાંભળીને તમામ આસક્તિઓથી છૂટકારો મેળવીને સમદર્શી બની ગયા, તેવી જ રીતે આપણે પણ તમામ આસક્તિઓનો પરીત્યાગ કરી સમદર્શી બનવાનું છે.આ માટે પ્રભુ પરમાત્મા આપણે સૌને શક્તિ પ્રદાન કરે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# અનેક દિગ્ગજ કલાકારો પાસેથી ખંડણી વસૂલ કરવામાં આવી છે : લોરેન્સ બિશ્નોઈ

ચંદીગઢ,તા.૧૯

સિદ્ધુ મુસેવાલાના મર્ડર કેસમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને દિલ્હીથી પંજાબ લાવવામાં આવ્યો છે. પંજાબ પોલીસ લોરેન્સ બિશ્નોઈની પૂછપરછ કરી રહી છે. પૂછપરછ દરમિયાન લોરેન્સ બિશ્નોઈએ પોતાની જિંદગીને લઈને કેટલાક ખુલાસા કર્યા છે. તેણે જણાવ્યું કે તે અને તેની ગેંગ ખંડણીનું કામ કરતા હતા. તેઓએ ક્યારેય કોઈ વ્યક્તિને ટાર્ગેટ કર્યા નથી. પોલીસને જણાવ્યું છે કે, ખંડણીનું કામ ક્યારે ગેંગવોરમાં તબદીલ થઈ ગયું તેની ખબર પણ ના પડી.બિશ્નોઈએ જણાવ્યું છે કે, શરૂઆતમાં પંજાબી ગ્રુપની અનેક પ્રસિદ્ધ વ્યક્તિઓ તેના ગ્રુપના નિશાના પર હતી. મોટી રકમની વસૂલી કરવા માટે બિશ્નોઈનું ગ્રુપ પ્રસિદ્ધ વ્યક્તિઓના ફેસબુક એકાઉન્ટ ટ્રેક કરતું હતું. ત્યારબાદ કયા કલાકાર પાસેથી ખંડણી વસૂલ કરવી તે નક્કી કરવામાં આવતું હતું. લોરેન્સે જણાવ્યું કે, અનેક દિગ્ગજ કલાકારો પાસેથી ખંડણી વસૂલ કરવામાં આવી છે. એક રિપોર્ટ અનુસાર લોરેન્સે પોલીસને જણાવ્યું છે કે, પંજાબના ૬ જિલ્લાઓ સહિત હિમાચલના બદ્દીમાં પણ વેપારીઓ, કલાકારો પાસેથી ૫ લાખથી લઈને ૫૦ લાખ સુધીની ખંડણી વસુલ કરી છે. જોખમી ગેંગસ્ટરોના ઈલાજ માટે પણ ૧૫ લાખ સુધીની માગ કરી છે.

મોહાલી, લુધિયાણા, જલંધર, અમૃતસર અને માલવા બેલ્ટના વેપારી, કલાકાર તેમના ગ્રુપના નિશાના પર છે.

# પાટણ જગદીશ મંદિર ખાતે વક્તા વિદુષી ડો. ગાર્ગી પંડિત દ્વારા શ્રી જગન્નાથ મહિમા નું રસપાન કરાવાશે



પાટણ તા.૧૮

ભગવાન શ્રી જગન્નાથજી નાં પાવન પર્વ અષાઢીબીજ નાં પવિત્ર તહેવાર ને ધ્યાનમાં રાખીને પાટણ શહેરના રોકડીયા ગેટ વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ શ્રી જગદીશ મંદિર પરિસર ખાતે આગામી સોમવારના રોજ સાંજ ના ૬-૦૦ કલાકે ભગવાન શ્રી જગન્નાથજી નાં મહિમાં વિશે જાણીતા વક્તા વિદુષી ડો. ગાર્ગી પંડિત નાં વક્તવ્ય નું ભક્તિ સભર માહોલમાં શ્રી જગદીશ મંદિર ટ્રસ્ટ પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હોવાનું મંદિર ટ્રસ્ટ નાં મેનેજિંગ ટ્રસ્ટી પિયુષભાઈ આચાર્યે એ જણાવ્યું હતું. પાટણ જગદીશ મંદિર પરિસર ખાતે આયોજિત આ ધાર્મિક પ્રસંગે પાટણની ધર્મે પ્રેમી જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વકતા દ્વારા રજુ કરવામાં આવનાર શ્રી જગન્નાથજી નાં મહિમાનું શ્રવણ કરવા અને આ ધાર્મિક પ્રસંગ નો લાભ લેવા શ્રી જગદીશ મંદિર ટ્રસ્ટ નાં મેનેજિંગ ટ્રસ્ટી પિયુષભાઈ આચાર્યે દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અસમ, મેઘાલય અને ત્રિપુરામાં પૂરથી તબાહી, ઘણા લોકોના મોત,અનેક લોકો ગુમ થયા

નવીદિલ્હી,તા.૧૯

ભારે વરસાદ બાદ આવેલા પૂર અને ભૂસ્ખલનને કારણે પૂર્વોત્તરના વિસ્તારમાં તબાહી મચી છે. અસમ, મેઘાલય, ત્રિપુરા અને અરૂણાચલ પ્રદેશમાં લાખો લોકો આ પૂરથી પ્રભાવિત થયા છે. અહીં ઘણા લોકો બેઘર થયા, પાક નષ્ટ થયો, રસ્તા તૂટી ગયા અને રેલ સેવાને પણ અસર પડી છે. તો પૂરને કારણે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે. કુદરતના કહેર સામે લોકો અનેક મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. સરકારે શરૂ કરેલી રાહત શિબિરોમાં લોકો હાલ પોતાના દિવસો પસાર કરી રહ્યાં છે. અસમ અને મેઘાલયમાં છેલ્લા બે દિવસમાં પૂર અને ભૂસ્ખલનમાં ૩૧ લોકોના મોત થયા છે. અસમના ૨૮ જિલ્લામાં આશરે ૧૯ લાખ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે એક લાખ જેટલા લોકો રાહત શિબિરમાં છે. પૂરમાં અસમમાં ૧૨ તો મેઘાલયમાં ૧૯ લોકોના મોત થયા છે. ત્રિપુરાની રાજધાની અગરતલા પણ પૂરનો સામનો કરી રહી છે. શહેરમાં માત્ર ૬ કલાકમાં ૧૪૫ મિમી વરસાદ થયો છે.

અસમમાં આશરે ૩ હજાર ગામડામાં પૂર આવ્યું છે અને ૪૩૦૦૦ હેક્ટર કૃષિ ભૂમિ પાણીમાં ડૂબી ગઈ છે. ઘણા બાંધ, પુલ અને રસ્તાને નુકસાન પહોંચ્યું છે. હોજઈ જિલ્લામાં પૂર્વ પ્રભાવિત લોકોને લઈને જઈ રહેલી એક હોડી ડૂબી ગઈ, જેમાં ત્રણ બાળકો લાપતા છે, જ્યારે ૨૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અસમ સરકારે પૂર અને ભૂસ્ખલનને કારણે ફસાયેલા લોકો માટે ગુવાહાટી અને સિલચર વચ્ચે વિશેષ ઉડાનોની પણ વ્યવસ્થા કરી છે. આ સાથે મેઘાલયમાં અચાનક આવેલા પૂરે તબાહી મચાવી છે. દક્ષિણ ગારો હિલ્સ જિલ્લાના બાધમારામાં અચાનક આવેલા પૂરને કારણે ૩ અને સિજૂમાં ભૂસ્ખલનથી એકના મોતના સમાચાર છે. આ સાથે પ્રાકૃતિક આપદામાં મૃત્યુ પામેલા લોકો માટે મુખ્યમંત્રી કાનરાડે વળતરની જાહેરાત કરી છે. ત્રિપુરામાં શુક્રવારથી સતત વરસી રહેલાં વરસાદ બાદ પૂરને કારણે રાજ્યમાં ૧૦ હજારથી વધુ લોકો બેઘર થયા છે. તો છેલ્લા એક મહિનાથી ટ્રેન સેવાને અસર પડી છે. અધિકારીઓએ કહ્યું કે આ વચ્ચે રાષ્ટ્રીય રાજમાર્ગ-૬ પર ભારે વરસાદને કારણે આવેલા ભૂસ્ખલન બાદ ગુરૂવારે ત્રિપુરા અને દેશના બાકી ભાગ વચ્ચે જમીની સંપર્ક તૂટી ગયો. પૂરનો પ્રકોપ પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં અગરતલા અને તેની આસપાસના વિસ્તાર સુધી સીમિત છે, જ્યાં હાવડા નદીનું જળસ્તર ખુબ વધી ગયું છે અને અગરતલા કોર્પોરેશન તથા તેના નિચાણવાળા વિસ્તાર પાણીમાં ડૂબી ગયા છે.

પાડોશી રાજ્ય અરૂણાચલ પ્રદેશમાં સુબનસિરી નદીના પાણીએ એક બાંધને જળમગ્ન કરી દીધો છે, જ્યાં એક હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું હતું. મેઘાલય, અસમ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમના અલગ-અલગ ભાગ પર વધુ વરસાદ નોંધાયો છે અને નાગાલેન્ડ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદ થયો છે. મણિપુરના ઈમ્ફાલ વેસ્ટ જિલ્લામાં પૂરને કારણે એક વ્યક્તિના મોત બાદ કુલ મૃત્યુઆંક વધીને સાત થઈ ગયો છે. ઈમ્ફાલમાં શનિવારે સવારે વરસાદ ઓછો થયો પરંતુ થાઉબલ, ઈમ્ફાલ વેસ્ટ અને બિષ્ણુપુરમાં સ્થિતિમાં હજુ સુધાર થયો નથી. રાહત અને બચાવ વિભાગ દ્વારા એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે ઈમ્ફાલ વેસ્ટ જિલ્લામાં ડૂબવાથી એક માછીમારનું મોત થયું છે.

# ચાણસ્મા ધારાસભ્ય દિલીપકુમાર ઠાકોરે હારીજ નગર પાલિકાની મુલાકાત લીધી



ચાણસ્મા ધારાસભ્ય દિલીપકુમાર ઠાકોરે હારીજ નગર પાલિકાની મુલાકાત લીધી. ચાણસ્મા ધારાસભ્ય અને પૂર્વ મંત્રી દિલીપકુમાર ઠાકોરે હારીજ નગર પાલિકા ની મુલાકાત લઈ પ્રમુખ નગરસેવકો નગરપાલીકા ચીફ ઓફીસર કર્મચારીઓ સાથે બેઠક યોજી ચર્ચા વિચારણા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું અંડર ગ્રાઉન્ડ ગટર રોડ રસ્તા સ્વચ્છતા આગામી ચોમાસુ ઋતુ પ્રી માન સુન કામગીરી વિકાસ કામો બાબતે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી તેમજ નગર સેવકો કર્મચારીઓ ને મળી નગરના વિવિધ પ્રશ્નો હલ કરવા જરૂરી ચૂચાનાઓ આપી હતી નગરની ટ્રાફીક વ્યવસ્થા લારી પાથરણા યોગ્ય જગ્યા એ ખસેડી હારીજ હાઈવે થી મેન બજાર રેલ્વે સ્ટેશન રોડ સુધી બજાર રોડ ની માપણી કરાવી રોડની બન્ને સાઈડ પટ્ટા મારવા કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી ચીફ ઓફીસર પ્રમૂખ કર્મચારી સાથે મળી વિસ્તારના પ્રજાના પ્રશ્નો નિરાકરણ લાવવા પ્રયત્ન હાથ ધરે તેમજ નગર પાલિકા માં જે કોઈ જરૂરી સાધન સામગ્રીની ઘટ હોય તે પુરી પાડવામાં આવશે તેવી ખાત્રી આપી હતી તેમજ હારીજ નગર પાલિકા ના પૂર્વ પ્રમૂખ સ્વ અનિલ ભાઇ મહેતા ના કાર્ય કાળ ને યાદ કરી તેમની પ્રમુખ તરીકે ની કામગીરી ને બિરદાવી હતી હારીજ શહેર ભાજપ સંગઠન પ્રમુખ મહામંત્રી નગર પાલિકા પ્રમુખ નગર સેવકો કર્મચારીઓ વિગેરે નગર પાલિકા ખાતે ઉપસ્થિત રહ્યા હતા

# રાહુલ ગાંધીના ૫૨માં જન્મ દિવસે સમગ્ર દેશના નેતાઓ શૂભેચ્છા પાઠવી

ઈન્ડીયન નેશનલ કોંગ્રેસના મહાસચિવ રાહુલ ગાંદીનો આજે ૫૨ મો જન્મદિવસને લઈને સમગ્ર દેશનમાથી કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા તેમને શુભેચ્છા પાઠવી હતી.આ સાથે જ અલગ અલગ રાજયના મુખ્યમંત્રીઓ તેમજ અન્ય પાર્ટીના નેતાઓએ પણ રાહુલ ગાંધીને જન્મ દિવસની શૂભકામના પાઠવીને લાંબા આયુષ્યની કામના કરી હતી. કૉંગ્રેસના અધ્યક્ષતા સોનિયા ગાંધીની તબિયત કોરોનાને લીધે ખરાબ હોવાથી અને દેશની વર્તમાન સ્થિતિને જોતા રાહુલ ગાંધી દ્વારા જન્મ દિવસની ઉજવણી નહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો તેમ છતા કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા આજના દિવસને સેવા દિવસ તરીકે ઉજવણી કરી હતી સેવા દિવસ નિમિતે કૉંગ્રેસના કાર્યકર્તાઓ જરૂરિયાત મંદોની મદદ કરીને આ દિવસની ઉજવણી કરી હતી કોંગ્રેસના રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે ટ્વીટરના માધ્યમથી શૂભેચ્છા પાઠવી હતી. તેમણે લખ્યું હતુ કે, ×રાહુલ ગાંધીને તેમના જન્મ દિવસની શૂભકામના હુ તેમના લાબા આયુષ્યની કામના કરુ છુ.× છત્તીસગઢના મુખ્યમત્રી ભૂપેશ બઘેલ અને પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિહે પણ રાહુલ ગાંધીને શૂભ કામના પાઠવી હતી. તેમણે જણાવ્યુ હત કે, ×રાહુલ ગાંધી નફરત વચ્ચે પ્રેમની વાત કરે છે, ડરની વચ્ચે નિર્ભય રહેવાની વાત કરે છે.×

# ધી બનાસકાંઠા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક વિભાગના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની છઠ્ઠી વાર્ષિક સાધારણ સભા વિદ્યામંદિર યોગા હોલ પાલનપુર ખાતે મળી



આ સભા રાજ્ય આચાર્ય સંઘના મહામંત્રી શ્રી ઉમેશભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને વાર્ષિક હિસાબો અને મંડળી ની પ્રગતિ અંગે વિશદ ચર્ચા વહીવટી મંત્રી શ્રી બાબુજી રાજપૂતે કરી. જેમાં મંડળીના ચેરમેન શ્રી વિપુલકુમાર જોષી, સહિત ડિરેક્ટર શ્રીઓ

ડો. આર વી પટેલ, યુનુસ અલી મરડિયા, જગત સિંહ રાઠોડ, ગણપત સિંહ રાજપુત, વિનય કુમાર રાવ, નયન ભાઈ જોશી, ડી ડી ગોસ્વામી, તેજસ કુમાર જોશી, નરેશ કુમાર પટેલ, હીતેન્દ્રભાઈ રાજપાલ, શ્રીમતી દુર્ગાદેવી ખત્રી અને રાકેશકુમાર પ્રજાપતિ તેમજ બહોળી સંખ્યામાં સભાસદ એવા શિક્ષક ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા

વર્તમાન કારોબારીને પાંચ વર્ષ પૂર્ણ થતા નવીન કારોબારીની નિમણુક માં ખુબ જ સારી કામગીરી માટે ફરીથી

ચેરમેન સહિત તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ને બીજી ટર્મ માટે બિન હરીફ નિયુક્ત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું ફોટો કવરેજ જીતુભાઈ ઘાસુરા એ તથા પ્રેસ મિડિયા કવરેજ સુભાષભાઈ વ્યાસે કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગણપતસિંહ રાજપૂતે કરેલ હતું.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ ( ફાધર્સ ડે)

પિતૃ દિનની શુભેચ્છા.
દુનિયામાં મારું આગમન
એ રોમાંચક ઘટનાના
સહભાગી મારાં પિતા
મારાં આગમનની ને
માતાના ક્ષેમની
ચિંતાગ્રસ્ત મનથી
પ્રાર્થના કરતાં મારાં પિતા
મારો પહેલો ઉચ્ચાર
મારું પહેલું ડગલું
પા-પા-પગલી
જેવી રોમાંચક ઘટના
મારી માએ મોકલેલ
પત્ર વાંચીને સંતોષ માનતા મારાં પિતા
દૂર છતાં મને પાસે અનુભવી
ખુશ થતાં મારાં પિતા
મારાં અરમાન પૂરા કરનાર મારાં પિતા
હું આજે જે કંઈ છું
મારાં પિતાના યોગદાન વગર શક્ય જ નથી
હયાત ન હોવા છતાં સાથ અનુભવું છું
પિતાનો રોજેરોજ પિતાને યાદ કરીને
પિતૃ દિનની શુભેચ્છા,
જગતપિતા સહિત સર્વ પિતાને.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલિમોરા.

---

ફાધર્સ ડે નિમિત્તે વ્હાલા પપ્પાને;
" તમે ન હોવ તો આ દિનની શું ઉજવણી કરું?
મનમાં તમારી યાદોના રંગોથી ઠાલા ચિત્રો હું ઘૂંટયા કરું.
હવે 'બેટા' કહેનાર કોઈ નથી એ દુઃખથી મનને સતત બાળ્યા કરું?
કે તમારી યાદોને શણગારી રોનક એની હું રોજ નિહાળ્યા કરું?
ક્યારેય આ દિનનું મહત્વ સમજાયું નહોતું,
બાપની સારપનું મૂલ્ય કદીયે અનુભવાયું નહોતું.
દીકરી ને બાપ વચ્ચે ઉભેલી મર્યાદાઓની દીવાલને ઓળંગી,
ક્યારેય વ્હાલને પાર કૂદાયુ નહોતું.
પપ્પાને કહેવાથી ટેનશન થશે કે એ ગુસ્સો કરશે,
એ બીકથી મન ક્યારેય તમારી સામે ખોલાયું નહોતું.
ઘણું કહેવું હતું, ફરિયાદો કરવી હતી ને સાંભળવી પણ હતી,
જે પીડાઓ દીકરી એ સહી એ જખ્મોનેય હૂંફની સારવાર પામવી હતી.
સતત રડતા મનને તમારો અભાવ ખૂબ સાલે છે,
'અનાથ' બન્યાનું દુઃખ મહિનાઓ પછીય ચાલે છે. જીવને નૂર ખોયું એ હકીકત છે, તમારા વિનાનું જીવવું સાચેજ બદકિસ્મત છે. સ્નેહ, સમર્પણ ને સદભાવના તમારા વગર સુના છે, તમારા નિવાસના એ ગામ, એ રસ્તા, એ ગલીઓ નિઃશ્વાસ છોડે ઉના છે.
કોઇ સ્વજન આટલી સહેલાઈથી પોતાનાઓને છોડી શકે?
છે કોઈ એવી કડી જે પાછા તમારી સાથે અમને જોડી શકે?
અલકા નવિનચંદ્ર મહેતા

---

હેપ્પી ફાધર્સ ડે ખાસ ઉજવણી
નામઃ હેમલતા દિવેચા " હેમ "
મૌલિક લેખઃ-
શીર્ષક - શબ્દાંજલિ.
રચનાકાર

પરમ પિતાનું સૃષ્ટિ ઉપરનું શ્રેષ્ઠ સર્જન માનવ. માનવ માટે પોતાના અસ્તિત્વનું આધારસ્તભ એટલે પિતા. પરમ પિતાનું દ્રશ્યમાન સ્વરુપ એટલે માત તાત. જેનાં ખોળે સંતાનને પરમ શાંતિની અનુભૂતિ થાય છે. જેમની સાથે પોતાનો લોહીનો સંબંધ હોય. જે પોતાનું સર્વસ્વ અર્પણ કરતાં પણ અચકાતા નથી એ પિતા. જેમની પાસેથી આપણને વારસામાં ધન સંપત્તિ સાથે સંસ્કાર, સંસ્કૃતિ, શક્તિ મળે છે એજ પિતા.

પિતાનું કાર્ય માળી જેવું છે. પોતાનાં સંતાનોને લોહી, પ્રેમ, લાગણી, સંવેદનાઓથી સિંચન કરે છે. જેના સ્વરુપમાં સંતાનને ઈશ્વનાં હોવાનો અહેસાસ થાય એજ પિતા... જેમની છત્ર છાયામાં આપણે હંમેશ નાનાજ રહીએ છીએ એજ પિતા. જેમનું ઋણ ચૂકવવું શકય નથી, જે કઠોર બને છે, સંતાન માટે પરંતુ કરુણાનો મહાસાગર....એજ પિતા..... જગતનાં દરેક પિતાનાં ચરણોમાં અર્પણ સાથે શત શત વંદન.

તુલસીભાઈ યુ. દિવેચા.નામ ના પ્રથમ અક્ષર મુજબ.
તુ -લસી ક્યારા સમાન દીકરીને એકલી મૂકી,
ક્યાં ચાલ્યાં ગયાં પપ્પા..?
લ - ડાવ્યાં લાડ બચપણથી આજ સુધી,
સંભારણા મૂકી ક્યાં ચાલ્યાં ગયાં પપ્પા..?
સી - ધા સરળ ને સૌમ્ય સ્વભાવથી,
લોકોના દિલ જીતી ક્યાં ચાલ્યાં પપ્પા..?
ભા - વના હૈયે હતી, 'બાલ ગુંજન ' આપના કર કમલોમાં મૂકું..!
વસવસો કાયમ માટે દર્દ બની રહ્યો પપ્પા.
ઈ - શ્વરને જે ગમ્યું તે ખરું, સનાતન સત્ય સ્વીકારવું રહ્યું.!
એકાંતમાં હું રડી લઈશ પપ્પા.
યુ - આર ધ ગ્રેટ પપ્પા, નીડર બાહોશ, પ્રમાણિકતાની મૂરત,
જીવન તમે જીવી જાણ્યાં પપ્પા..!
દી - પક રાજ, જેવા પુત્ર રત્નોને રડાવી,
પત્નીને મજધારે છોડી ક્યાં ચાલ્યાં પપ્પા..?
વે - રવિખેર નહીં થવાં દઈએ ઘરના માળાને,
તમારા સિંચેલ સંસ્કારોથી ઓ પપ્પા..!
ચા - લ્યાં ગયાં અનંત યાત્રાએ મહેંક મૂકીને..!
આપના દર્શન પણ દુર્લભ, મારા વ્હાલા પપ્પા..!
Love u miss u pa.. ,????
હેમલતા દિવેચા.જૂનાગઢ.

---

મોટાઈ, આમ તો તમે યાદ રોજ આવો છે. આજે તમારી યાદોની ગંગામાં ડૂબકી મારી મોતી વીણું છું.
કોલેજ ગાડીમાં ઉતારવા આવતા ત્યારે , પૈસા ભૂલી ગઈ એ મારું બહાનું તમે જાણતા છતાં મુઠ્ઠી ભરી પૈસા આપતા. રોજ સાથે બેસીને રાતના રમી રમવાની અને ચેવડો ફાકવાનો.
મારા બે દીકરાના અતિ પ્યારા પિતા. જીવનની જાહોજલલલી માણવા ન રોકાયા.
બાળકોની સઘળી ઈચછા પૂરી કરી. સફલતાની સીડી પર ચડાવી વિદાય થયા. તેમનો આભાર સ્નેહ સહિત બંને બાળકો માને છે.
એ બંને દીકરા આજે ખૂબ પ્રેમાળ પિતા બની તેમનો સંસાર માણી રહ્યા છે.
માતા અને દાદીના પાત્રમાં આ સમગ્ર સંજોગોની સાક્ષી બની, પ્રભુનો દિલથી આભાર માની , બાળકોના પિતાને મળવા તરસી રહી છું.
સહુ પિતાને પિત્રુ દિવસની મંગલ કામના.
પ્રવિણા કડકિઆ

---

પિતા , ફક્ત બે અક્ષરનો શબ્દ ! પણ બાળક માટે, પરિવાર માટે જીદગીભર જ્જુમતો રહે તે પિતા .
પિતાએટલે ?
ગમે તેવા દુઃખના પહાડોની વચ્ચેથી પણ પરિવાર માટે
સુખની કેડી કંડારતો શિલ્પી !
પિતા એટલે ?
નાના દૂઃખમા મા ની યાદ
"ઓ મા ! " અને
મોટા દૂઃખના સમયે
" ઓ બાપ રે ! " ની યાદ અપાવે
તે પિતા. પ્યારે",સાચો શિલ્પી કદી પોતાના નામ કરતા, કળાનેજ કાયમ મહત્વ આપતો રહેછે, અને તે છે જગતનો ફક્ત બેજ અક્ષરનો શબ્દ," પિતા".
જૂગ જૂગ જીવો જગતના માતા પિતા.

---

NOG SS No : 0112
વિભાગ : ફાધર ડે કૃતિ
પ્રકાર : પદ્ય
શીર્ષક :મારા તાત મને યાદ બહુ આવતા
ભુલો પડુ જો હું, તો મને રસ્તો એ બતાવતા,
મારા તાત આજે મને જોને, યાદ બહુ આવતા.
ખોળે બેસાડી ખંતથી મને , હેતથી રમાડતા,
પછી જગતભરની શાંતિ, રોજ અમને આપતા.
કેવા લડાવતા લાડ અમને, અને ખડખડાટ હસાવતા,
દુઃખ ભુલાવી દેતા દુનિયાના, અખંડ આનંદ આપતા.
નોતી ખબર તાત મને, કપરો કાળ આવો આવશે,
તુજ વિના તાત અમને આ જગતમાં કોણ તારશે
દુઃખના ડુંગરો આવી ચડે, તો તુજ આશિષ કામ લાગશે,
કહે "રાજ " તુજ કૃપાથી જ, નાંવ અમારી તારશે.
રાજેશભાઇ એસ વ્યાસ, ધ્રુવનગર, મોરબી

---

NGO.SS 0032
વિષયઃ father's day
શીર્ષકઃ મારા બાપુ
"I love my father"..
આજે મારા બાપુ આ દુનિયામાં નથી ..પણ એમની ખોટ આખી જિંદગી નહીં પૂરાય....
મારા બાપુ એ મારા ગુરુ , સખા, મારા સુખ દુઃખનાં ભાગીદાર, ઈશ્વરે નીમેલા મારા જન્મદાતા અને પાલનહાર મારા બાપુને કોટી કોટી વંદન...
મારી જિંદગીની તડકી છાયડી મેં બહુ નજીકથી જોઈ છે .એમાં હંમેશાં મારા બાપુએ સાથ આપ્યો.... અને દરેક પ્રગતિનાં સોપાન સર કર્યા...
એમનો હસમુખો મોજીલો સ્વભાવ આજ પણ એમની યાદને તાજી કરાવી જાય છે...
આજે પણ અમારા કુટુંબ વચ્ચે એમનું સાનિંધ્ય જાણે જીવંત છે.
એમનો વિશ્વાસ , શક્તિ ભરોસો આજ પણ અમારી સાથે છે... મારા પિતા એજ પરમેશ્વર....
મીના માંગરોલીયા મીનુ, અમદાવાદ

---

Nog number 19
વિષય...ફાધર્સ ડે
શીર્ષક... જો હું પિતા હોઉં તો
પિતા હોવું એટલે પરિવારનો આધાર બનવું. પરિવારનાં સુખ દુઃખ બાબતે સતત ચિંતન કરતું પાત્ર એટલે પિતા. જો હું પિતા હોઉં તો મારાં સંતાનોને જિવથી પણ વધારે ચાહું. એમને આત્મનિર્ભર બનાવી સતત આત્મવિશ્વાસ ઉમેર્યા કરું. ઘરની સ્થિતિ સાથે એમને કંઈ લેવાદેવા રાખ્યાં વગર એમનાં વિકાસ પ્રત્યે જ ધ્યાન રાખું. હું પિતા તરીકે થોડો કડક સ્વભાવ રાખું, કેમ કે જીદને પોષણ નહીં જ આપવાનું. સંતાનો મારાંથી પણ સવાયા બને એ માટે છેક સુધી લડી લઉં. એમને સંસ્કાર, વિશ્વાસ, શિક્ષણનો સમન્વય સાધતાં શીખડાવું.

હા, હું દિકરાં- દીકરીનો ભેદભાવ ન રાખી, મારી દીકરીઓને પણ દિકરાની સાથે જ આત્મનિર્ભર બનાવું. મેં મારાં પિતાને અમારી એક..એક ખુશી ખરીદતાં જોયાં છે. એમ હું પણ સંતાનોની ખુશીમાં જ મારી ખુશી જોઉં.

મારાં સંતાનો નિર્વ્યસની બને એ માટે હું જ ઉદાહરણ બનું. જીવનમાં પૈસો જ મહત્વનો નથી, પણ પૈસાનું મૂલ્ય બરાબર શીખડાવું. સતત હાર કે નિષ્ફળતા પચાવતાં શીખવું. મારું સંતાન મારી પાસે નિડર બની સત્ય બોલે એવું સંકલન કરું. જો હું પિતા હોઉં તો એમને પહેલાં માતૃસંમ્માન કરતાં શીખવું. સારી સોબતની મહત્તા સમજાવું. સંતાનો મારાં મિત્ર બની રહે એ માટે પ્રયત્નશીલ રહું. એ લોકો મારું ઇન્વેસ્ટમેન્ટ નથી, પણ મારી મોંઘેરી મૂડી છે. આજનાં સ્પર્ધાત્મક યુગમાં એમની સાથે ખભેખભો મિલાવી સાથે જ રહું. સફળતાનો શોર્ટકટ અપનાવવા કરતાં મહેનતનું ફળ કઇ રીતે મેળવે એ માટે કાર્યશીલ રહું. બાળકો સાથે દરેક સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયત્ન કરું. ઘરની પરિસ્થિતિ મુજબ જીવન જીવતાં શીખડાવું. દેખાદેખી કે કોઇની ઇર્ષ્યા થી જીવન ન જીવાય એ ભાવના દ્રઢ બનાવું. સખત મહેનત કરાવી જાતે જીવનનો યોગ્ય દર્ષ્ટિકોણ અપનાવે એવું ભાવાવરણ સર્જી જીવન જીવતાં શીખવું. વડિલો સાથે કેમ વર્તવું એ બાળપણથી જ શીખડાવું. સમાજનાં દૂષણથી બચવા લાલબત્તી તો ધરવી જ પડે. કડવું લાગે પણ સત્ય પાલન જરૂરી. પોતાનાં જીવનમાં લાંચ, લોભ કે પ્રલોભનોથી દૂર રાખું. આ બધું શક્ય ત્યારે જ બને કે મારાં સંતાનો પણ મારામાં આદર્શ જુએ, માટે મારી કથની, કરણીમાં તફાવત ન રાખું. પિતા હોવું એ સદ્ભાગ્ય છે. સંતાનોને પ્રેમથી તરબોળ કરી, આનંદ ગંગામાં નહાવાનો લ્હાવો આપું.

રચનાકાર : કલ્પનાબેન ત્રિવેદી
સુરેન્દ્રનગર

---

NOG SS NO:004
વિષયઃ ફાધરસ ડે
શબ્દઃ ૧૦૮
પ્રકારઃ પદ્ય( મુક્ત પંચિકા)
શીર્ષકઃ મારા પિતાજી
મારી ભક્તિ
મારા પિતાજી
ઓળખ પીંછી
રંગો વચ્ચે જીવતા,
કેનવાસની
ચાહત રહી.
મારા પિતાજી
અચિંત્ય સ્નેહી
જીવનભર રહ્યાં,
ગંગારામના
ને સાગરના !
સદાય પ્રેમ
વર્ષાવ્યો શુદ્ધ
રંગ અવધૂતના,
અતિ નિકટ
ચિત્રો સહિત.
આજ મુજને
ભરમાવે છે
ફાધર્સ ડે થકી તે,
છબી મહીં ને
હાસ્ય રૂપી તે!
જયશ્રી પટેલ

---

NOG 109
શિર્ષક :-હવે થશે
પ્રકાર પદ્ય
બાબુ સંગાડા"મહેક"
ડાળખી લીલી ઘવાયા પંખી જેવી
થથરે
કૂંપળ સ્હેજ મસ્તક ઊચું કરી ફરફરે
ટહુંકા સૂકાસટ કંઠથી અવતરે
મસ્તીખોર પંખી કલબલે
નક્કી વરસાદ હવે થશે.
દાવાનળ જેમ છાય વીજળી પૂરવ
ગર્જના, કયાંક ધડાકા
બધા વચ્ચે શીતળતા ભરી
રેડાતો ટાઢક ધરે,
પાકું વાયરો ,વરસાદ હવે થશે.
છૂટાછવાયા દોડતા વાદળ,
કાળાડિમાંડ થંભી, વિછળાતા,
શ્વાસ લેતા હોય તેમ કયાંક
આછા ટપકી જતા
મેળાવડો જામશે ભારેખમ
ભેગા મળી જશે એવું લાગે
ગતિ ધીમી પડી વરસાદ હવે થશે.
બુલબુલ, મોર, પપૈયો બધા બોલે
એકી સાથે ધરતી ફાટફાટ થાય
જેઠના આકારા તાપે
લૂ ના અગ્નિકૂંડ સળગે
પ્રસેવે રેબઝેમ બદનો ચોટે ગુંદર જેમ
બાફલો લાગે દફનાયા શરીર જેવો
પાકી ગયો વરસાદ હવે થશે.
જો તું મંડાયા ચંદ્રને વલયો !!
બાબુ સંગાડા"મહેક"

---

NOG ss no.0007
વિષય : ફાધર્સ ડે
શીર્ષક : પપ્પા છે તો..!
પપ્પા એટલે જ આપણું જીવન. કારણ પપ્પા છે તો સવારનો સૂરજ સોનાનો લાગે છે. કારણ પપ્પા હોય તો સવારે આંખ ખૂલતાંની સાથે જ એ ચિંતા નથી કે મારે ઘણી બધી જવાબદારીઓ નિભાવવાની છે. ઉંમરના કોઈપણ પડાવ પર ' બેટા હું છું ને ! શા માટે ચિંતા કરે છે?' જેવા શબ્દો અંતરને રાહત આપે છે. પપ્પા છે તો બજારની દરેક વસ્તુઓ આપણી છે, પપ્પા છે તો ઘરમાં સગાસંબંધીઓનો મેળો છે, પપ્પા છે તો દરેક રવિવાર તહેવાર છે, પપ્પા છે તો દરેક પ્રસંગની ઊજવણી અને ધામધૂમ શાનદાર છે, પપ્પા છે તો દીકરીને ટુંકારો કરનારને ધાક છે. પપ્પાની છત્રછાયા એટલે સન્માન અને સલામતીની એક ઢાલ એટલે પપ્પાની છાતી. એજ છાતી જેના પર બાળપણમાં મારી પગની પાનીઓએ કદાચ લાતો મારી હશે. એજ છાતી જેના પર ગૌરવથી મસ્તક નમાવી મારી સિદ્ધીઓ વહેંચી હતી. એજ છાતી જ્યારે જીવનમાં નિરાશા આવી ત્યારે એના પર મસ્તક મુકી શાંતિ અનુભવી. અને એજ છાતી પર લગ્નની વિદાય વખતે માથું મૂકી ખૂબ રડી હતી. એ છત્રછાયા ,એ ઢાલ એ છાતી આજે મારી પાસે નથી. પરંતુ આજે પણ એમની હૂંફ એમના શબ્દોએ, એમનાં વિચારોએ મને સતત
રક્ષી છે, સાચવી છે. અને ઉત્તરોત્તર મારી જે કંઈ પણ પ્રગતિ થઈ છે એ એમનાં જ રંગસૂત્રોને આભારી છે.
(ખૂબ નાની વયે પપ્પા અમારો સાથ છોડી ગયા એટલે આ રચના મારા સબ કોનશ્ચિસ માઈનડમાં ધરબાયેલી ઈચ્છાઓ છે. જો આજે કદાચ પપ્પા હયાત હોત તો આ બધુંજ હું પ્રત્યક્ષ અનુભવી શકત.)શ્ર?

લેખિકાઃઆરતી અઢીયા મરચંટ
મુંબઈઃ કાંદિવલી

---

NOG SS/0044
વિષયઃ- આવ રે વરસાદ, મેહૂલિયો, વરસાદને સાદ.
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- આવને સખી
શબ્દોઃ- ૪૫
નામઃ- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.
બહાર વરસે મેઘ
આપણે શાને ઘરમાં?
આવને સખી
ભીંજાઈ જઈએ !
વરસ્યો વરસાદ
પ્રકૃતિ ખીલી ચારેકોર,
આવને સખી
પ્રકૃતિનો આનંદ માણીએ!
વરસ્યો મેહૂલિયો
ગાજવીજ સાથે,
આવને સખી
માટીની મહેંક માણીએ!
વરસ્યો મેહૂલિયો
કરે દિલને તરબતર,
આવને સખી
ભજીયાની મોજ માણીએ!
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

N.O.G. S.S. No. 0102.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ-પિતૃદિન.
પ્રકારઃ- ગદ્ય. ( લેખ.)
શીર્ષકઃ-મારાપિતાઅનેતેનાઉપકારો.
રચનાઃ-

મારા પિતા મારે માટે આદર્શ મુર્તિ છે. આજે હું જે કંઈ છું તે તેની પ્રેરણા અને ઉપકારનું પરિણામ છે. તેના સાથ સહકાર વિના કોઈ કામ શક્ય ન બનત.

મારા પિતા એક ગરીબ બ્રાહ્મણ હતા, થોડું પ્રાથમિક શિક્ષણ લીધું હતું. તેના પિતા સાથે રસોઈ બનાવવા જતા અને સારા મિષ્ટાન અને ફરસાણના કારીગર બન્યા. ફરસાણ અને મિષ્ટાન્ન ની દુકાન ખોલી, સાથે લગ્ન કે કોઈ પ્રસંગ કે જ્ઞાતિભોજન હોય ત્યારે સારી રસોઈ બનાવી પ્રશંસા પ્રાપ્ત કરતા અને રોજી રોટી ચાલતી.

તેમનું સગપણ નાની ઉંમર થઈ ગયું હતું અને ત્યાર પછી મારી માતા નાની ઉંમરમાં જ શીતળા નો રોગનો ભોગ બને છે .જેને કારણે તેને બંને હાથ ઉપર તેમજ પગ ઉપર શીતળા વ્યાપ્યો. જેના પરિણામે તે ૯૦ ટકા થી વધારે પોતાના હાથ વાળી શકતી ન હતી. અણઘડ ઓપરેશનને કારણે હાથને ઉપર ભારે અસર થઈ હતી પગે લંગડાતી ચાલતી હતી. આવી પરિસ્થિતિમાં તેમને સગાઈ તોડી નાખવાનું દબાણ આવ્યું, પરંતુ મારા પિતા અડગ રહ્યા .તેની સાથે લગ્ન જીવનથી જોડાયા. મારી માતા અપંગ હોવા છતાં ઘરના તમામ કામ તે કરતી અને અમારાભાઈઓ બહેનોનો ઉછેર તેણે કર્યો હતો. બધાયના લગ્ન અને સાંસારિક પ્રસંગો તેવોએ કર્યા.

મારા પિતા રાધાજી માતાજીનું મંદિર બેટ દ્વારકાધીશજી મંદિરમાં પચાસ વર્ષ સુધી સેવા કરી. મોટેભાગે તે મિષ્ટાન બનાવતા અને દર વર્ષે દ્વારકાધીશ અને રાધાજીમાં અન્નકૂટ થાય ત્યારે તેની સામગ્રીના લોકો પ્રશંસાથી વખાણ કરતા.

તેવો મારા કુટુંબ અને જ્ઞાતિમાં સન્માન પ્રાપ્ત વ્યકિત હતા.

મારા બાલમંદિર થી કોલેજ શક્ષણમાં તેનો મને બધી રીતે ટેકો હતો. જેને કારણે હું એમ. એ. બી. એડ. અને એડવોકેટ, તેમજ ચીફ નેવલ વીંગ એન. સી સી. ઓફિસર બની શક્યો.

તે મને સમયે સમયે ન્યાય, નીતિ, પ્રમાણિકતા, ધર્મ, અને દયા, દાન, વગેરેનું જ્ઞાન આપતા અને પોતે પણ તેનું પાલન કરતા. આ બાબતની મારા જીવન પર સારી અસર થઈ.

મારા લગ્ન, અન્ય સાંસારિક ફરજો માં તેમની મદદ મળતી.

તેના સંસ્કારોને કારણે હું સારો શિક્ષક બની શક્યો અને હજારો વિદ્યાર્થીઓનો જ્ઞાન અને પ્રેરણાનું કારણ બન્યો. તે આજે નથી પરંતુ તેની ખોટ હમેશા જોવા મળે છે .આજના પવિત્ર દિવસે તેને વંદન કરું છું કે જેણે મને પ્રેરણા અને મારા જીવનનું ઘડતર કરી અને મને એક આદર્શ માનવી બનાવ્યો. તેના ઉપકારને કેમ ભુલાય?

રતીલાલ વાયડા...નવી મુંબઈ.

---

NOG SS No : 001
વિષય :-- રાષ્ટ્રીય પિતૃ દિવસ
શીર્ષક :-- " પિતા એ જ સર્વશ્રેષ્ઠ હીરો
જૂન મહિનાનો ત્રીજો રવિવાર એટલે ફાધર્સ ડે એટલે કે રાષ્ટ્રીય પિતૃ દિવસ તરીકે ઓળખાય છે. ' રાતભર બાપે દબાવી ખાંસીને , એ જ ચિંતામાં કે છોકરાં જાગી જશે.' આ પંક્તિ જ એક પિતાનાં ત્યાગને વ્યક્ત કરવા માટે ઘણું બધું કહી જાય છે.

આપણે સૌએ એક વાત તો સ્વીકારવી જ પડે કે દરેકનાં જીવનમાં માતાની જેમ જ પિતાનું સ્થાન પણ અમૂલ્ય જ હોય છે. માતૃપ્રેમથી બાળક લાગણીશીલ બને છે તો પિતૃપ્રેમ એને સમાજમાં પગભર થતાં શીખવે છે .પિતા પોતાનાં બાળકને કઠોર બનીને માનવજીવનની વાસ્તવિકતાનાં પાઠ શીખવે છે .

જેમ એક માતા પોતાના બાળકનાં પાલન પોષણ પ્રગતિ માટે બલિદાન આપે છે એવી જ રીતે એક પિતા પણ પોતાનાં બાળક માટે પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરી દે છે પણ અફસોસ એ વાતનો છે કે આજ સુધી હંમેશાં માતાનાં બલિદાનનાં જ ગુણગાન ગવાતાં રહ્યાં છે. જેટલી નોંધ માતાનાં વાત્સલ્ય કે માતૃત્વની લેવાઈ છે એટલી નોંધ એક પિતાએ આપેલા વ્હાલ કે સમર્પણ કે ત્યાગ અને પિતૃત્વની લેવામાં નથી આવી .

બસ એક જ વાત કહું છું કે હંમેશાં પિતાની છત્રછાયા જ બાળકોને શીતળ છાંયમાં રાખીને એનો સર્વશ્રેષ્ઠ ઉછેર કરવામાં બહુજ મોટો ભાગ ભજવી જાય છે.

પ્રદીપ રાવલ .સંચાલક .

---

NOG SS NO. 111
વિષયઃ ફાધર્સ ડે
શબ્દ સંખ્યાઃ ૯૩
શીર્ષકઃ તમે બહુ યાદ આવો છો
ભાઈ,
આજે તમે બહુ યાદ આવો છો.
નથી વિસરાતી તમારી વસમી વિદાયની ક્ષણ, જન્મદિને જ ગણપતિ સંગે,
ચાલી નિકળ્યાં અનંતવાટે !
ભાઈ, આજે તમે બહુ યાદ આવો છો.
' મૃત્યુથી શેનો ડર ' ? હિંમત બંધાવી,
સમજાવી ગયાં જીવનનો સાર.
ભાઈ, આજે તમે બહુ યાદ આવો છો.
આજે દીકરીઓ જ નહીં, મિત્રો, પ્રિયજનો
જુઓ, યાદ કરેછે નતમસ્તક .
વિદ્યાર્થીવૃંદનાં શત્ શત્ નમન !
કહેછે, સર , દેહદાન કરીને ,
અંતમાં પણ વિદ્યાદાન કરતાં ગયાં.
તમે બહુ યાદ આવો છો.
ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં યોજાઇ "AMACON-2022" કોન્ફરન્સ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે જણાવ્યું છે કે તબીબી વ્યવસાય એ અત્યંત પવિત્ર વ્યવસાય છે,ડોક્ટર્સ દર્દીઓને મોતના મુખમાંથી પાછા લાવે છે. તેઓદર્દીઓને બચાવવાની સાથે તેમના પરિવારોને પણ બચાવે છે. આથી જ તેઓ દેવદૂત કે ભગવાન મનાય છે.એમ તેમણે ઉમેર્યું હતું

આજે અમદાવાદ ખાતે અમદાવાદ મેડિકલ એસોસિયેશન દ્વારા આયોજિત ×AMACON-2022" કોન્ફરન્સમાં મુખ્ય અતિથિ તરીકે મંત્રીશ્રી ઉપસ્થિત રહ્યા હતા

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ×પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના× એ વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમાકવચ આપતી સેવા છે. ગુજરાત રાજ્યમાં ન્યૂમોનિયા માટે મોંઘી કહેવાતી ૩-૪ હજારની કિંમતની ન્યુમોકોકલ કોંજ્યુગેટ વેક્સિન નિઃશુલ્ક આપવાની શરૂઆત કરી છે. દર શુક્રવારે ×નિરામય ગુજરાત× અંતર્ગત બિનચેપી રોગો જેવા કે ડાયાબિટીસ, બીપી, હાયપરટેન્શન, એનીમિયા, કિડની સંબંધિત રોગો માટે તબીબી તપાસ અને નિરાકરણ પૂરા પાડવામાં આવે છે. અંધત્વ નિવારણ કાર્યક્રમ અંતર્ગત મોતિયાના ઓપરેશનમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ નંબરે આવે છે. ×વન ગુજરાત,વન ડાયાલિસિસ× પ્રોગ્રામ હેથળ ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓ પોતાની નજીકના CHC સેન્ટર પર ડાયાલિસિસ કરાવી શકે છે. સરકાર ૨૦૨૫ સુધી ટીબી નાબૂદી માટે પણ કટિબદ્ધ છે.

આજે ગુજરાત મેડિકલ ટુરિઝમનું હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કેગુજરાતમાં ઉત્કૃષ્ટ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે. આજે રાજ્યમાં જોઈન્ટ રિપ્લેસમેન્ટ તેમજ કિડની ના રોગો માટે લોકો ઘણા રાજ્યોમાંથી તેમજ વિદેશમાંથી પણ સારવાર અર્થે આવે છે. રાજ્યભરમાં અંગદાન ને વેગવંતુ બનાવવાની નેમ સાથે રાજકોટ ખાતે એર એમ્બ્યુલન્સ ની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે.

સરકારની આરોગ્યલક્ષી અને સુખાકારી યોજનાઓનો વધુને વધુ લાભ નાગરિકોને મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે. રાજ્યભરના તબીબો અને તબીબી ક્ષેત્રો સંકળાયેલા લોકોને આ યોજનાઓનો પરિણામ લક્ષી પ્રસાર કરે તે જરૂરી છે

તેમણે વધુમાં જણાવ્યું કે, આરોગ્યલક્ષી યોજનાઓ માટે ડોક્ટર્સના સલાહ સૂચનો અને માર્ગદર્શન હંમેશા આવકાર્ય રહેશે.કોન્ફરન્સમાં વિવિધ રોગો અને તેની સારવાર, સારવારની વિવિધ આધુનિક પદ્ધતિઓ, રોગો સંબંધિત શસ્ત્રક્રિયાઓ અને તેને લગતી પદ્ધતિઓ વગેરે જેવા તબીબી વિજ્ઞાન સાથે સંકળાયેલા અનેકવિધ વિષયો પર અલગ અલગ વક્તાઓ અને ડૉક્ટરો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવનાર છે.

આ કોન્ફરન્સમાં એપોલો હોસ્પિટલ, ગાંધીનગરના ર્ડો શ્રી નીરજ લાલ, ઈન્ડીયન મેડિકલ એસોસિયેશન ગુજરાત સ્ટેટ બ્રાન્ચના અધ્યક્ષ ડૉ. પરેશ મજમુદાર, અમદાવાદ મેડિકલ એસોસિયશનના અધ્યક્ષ ડૉ. દિલીપ ગઢવી અને સેક્રેટરી ડૉ. ગાર્ગી પટેલ તેમજ એસોસિયેશનના અન્ય સભ્યો, ડોક્ટરો, મેડિકલ અને આરોગ્ય સાથે સંકળાયેલા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા.

## યોગઃ વૈશ્વિક સમરસતા, શાંતિ અને સૌહાર્દનું માધ્યમ : આઠમા યોગ દિવસની થીમ 'માનવતા માટે યોગ'

# રાજ્યના પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ ધરાવતા ૭૫ આઇકોનિક સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વિશેષ ઉજવણી



ભારતીય ધર્મ અને દર્શનમાં યોગનું ઘણું મહત્વ છે. આધ્યાત્મિક ઊર્જાની સાથે શારીરિક અને માનસિક સ્વસ્થતા માટે યોગને બધા ધર્મો અને દર્શનોમાં ખુલ્લા મને સ્વીકારવામાં આવ્યો છે. યોગ એક શારીરિક, માનસિક અને અધ્યાત્મિક અભ્યાસ છે જે લોકોને શાંતિ પ્રદાન કરવાની સાથે પ્રકૃતિ સાથે જોડે છે.

ભારત આદિકાળથી જ યોગગુરૂ રહ્યો છે. ભારતમાં યોગની પરંપરા સદીઓ જૂની છે. ભારત હંમેશા વૈશ્વિક સ્તરે યોગનો પ્રચાર - પ્રસાર કરી રહ્યું છે. આ પ્રચાર - પ્રસાર ત્યારે લેખે લાગ્યો જ્યારે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સની મહાસભામાં ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો અને મહાસભાએ વર્ષ ૨૦૧૫ થી દર વર્ષે ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાની ઘોષણા કરી હતી.દર વર્ષે અલગ અલગ થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'માનવતા માટે યોગ' (ર્ફૂઙ્ઘ ર્કિ ઊંદ્બટ્ઠહૈંઅ)ની થીમ પર ઉજવશે. વર્ષ ૨૦૧૫માં 'સદભાવ અને શાંતિ માટે યોગ', વર્ષ ૨૦૧૬માં 'કનેક્ટ ધ યુથ', વર્ષ ૨૦૧૭માં 'સ્વાસ્થ્ય માટે યોગ', વર્ષ ૨૦૧૮માં 'શાંતિ માટે યોગ', વર્ષ ૨૦૧૯માં 'કલાઈમેટ એક્શન', વર્ષ ૨૦૨૦માં 'યોગ એટ હોમ-યોગ વિથ ફેમિલી', વર્ષ ૨૦૨૧માં 'યોગ ફોર વેલબીઈંગ' જેવી વિવિધ થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આખું વિશ્વ વિશાળ જનભાગીદારી સાથે યોગ દિવસની ઉજવણી કરવાનું છે ત્યારે ગુજરાતના સવા કરોડ નાગરિકો 'યોગમય ગુજરાત' અભિયાનમાં સહભાગી થશે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજયકક્ષાની ઉજવણી મુખ્યમંત્રીશ્રીભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે થશે જેમાં ૭૫૦૦ લોકો જોડાશે. રાજ્યના દરેક ગામ, તાલુકા, શહેર, જિલ્લા, નગરપાલિકા, મહાનગરપાલિકા સાથો સાથ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, આરોગ્ય કેન્દ્રો પોલીસ હેડ ક્વાર્ટર, રાજ્યની જેલો તથા તમામ જાહેર સ્થળોએ વિશાળ સંખ્યામાં નાગરિકો ભેગા મળી યોગ કરી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.

સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુદ્રઢ માર્ગદર્શન અને રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના આયોજન હેઠળ રાજયના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઈકોનિક સ્થળો જેવા કે સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

ગુજરાતના ખૂણે ખૂણે યોગનો પ્રચાર-પ્રસાર થાય તે માટે ચલાવવામાં આવી રહેલાં'યોગમય ગુજરાત' અભિયાનને વધુ સફળ બનાવવા ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા રાજયમાં ૭૫૦થી વધુ યોગ કોચ અને ૬૦૦૦૦થી વધુ યોગ ટ્રેનર તૈયાર કરવામાં આવ્યા છે. ઉપરાંત રાજ્યભરમાં ૫૦૦૦ થી વધુ યોગ ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગસેવક શીશપાલજીએ સમગ્ર રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં પ્રવાસ કરી ૩૦૦થી વધુ યોગ સંવાદ અને યોગ શિબિરો કરી યોગની જનજાગૃતિ ફેલાવવાના કાર્યક્રમોકર્યા છે.

મહત્વપૂર્ણ છે કે, ગુજરાતમાં યોગનો વધુને વધુ પ્રચાર-પ્રસાર થાય, યોગની પ્રવૃત્તિઓ વધુ વેગવંતી બને અને સ્વસ્થ ગુજરાત થકી સ્વસ્થ ભારત બને તે માટે ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ અંતર્ગત યોગ બોર્ડની રચના કરવામાં આવી હતી. આ બોર્ડનો હેતુ રાજયના દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવા તથા લોકોમાં યોગ પ્રત્યે જાગૃતતા ફેલાવવાનો છે.

યોગ અને છેવાડાના માનવી સુધી પહોંચાડવા રાજ્ય સરકાર હર હંમેશ પ્રયત્નશીલ છે. ત્યારે આ પ્રયત્ન રૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં યોગ કોચ નિમવા, યોગ કોચને તાલીમ આપવી તથા દરેક યોગ કોચ હેઠળ યોગ્ય ટ્રેનરો તૈયાર કરવા જેવી કામગીરી કરવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઘોષણા થતાની સાથે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના એજન્ડામાં પ્રમુખ સ્થાને યોગ વિષયનો સમાવેશ થયો. વર્ષ ૨૦૧૫માં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા એન.સી.ઈ.આર.ટી ના અભ્યાસક્રમમાં અને ત્યાર બાદ દેશની ઘણી યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં યોગ વિષયનો ઉમેરો કરવામાં આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવા ૨૧ મી જૂન પસંદ કરવામાં આવી હતી કારણ કે, ૨૧ મી જૂન ઉત્તર ગોળર્ધનો સૌથી લાંબો દિવસ છે. ભારતીય માન્યતા અનુસાર આ દિવસને ગ્રીષ્મ સંક્રાંતિ દિવસ માનવામાં આવે છે. સામાન્ય દિવસોની સરખામણીએ આ દિવસે સૂર્યના કિરણો સૌથી વધુ સમય સુધી પૃથ્વી પર રહે છે. યોગાભ્યાસમાં આ સમયને સંક્રમણકાળ કહે છે અને આ સમયે યોગ કરવાથી ઘણો ફાયદો થતો હોય છે.

આજે વિશ્વ યોગમય બની રહ્યું છે જેનો સંપૂર્ણ શ્રેય યોગની જન્મભૂમિ ભારતને જાય છે. યોગને વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડવા દેશના આધ્યાત્મિક યોગ ગુરુઓની મહત્વની ભૂમિકા રહી છે. આઝાદીની લડત દરમિયાન મહર્ષિ અરવિંદ અને સ્વામી વિવેકાનંદે લોકોને આધ્યાત્મ અને યોગના માધ્યમથી વિશ્વ શાંતિનો સંદેશો આપ્યો હતો. આજે વિશ્વના તમામ દેશોની ભાગીદારીથી એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે ભવિષ્યમાં યોગ વૈશ્વિક સમરસતા, શાંતિ અને સૌહાર્દનું મહત્વનું માધ્યમ બનશે.

## ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા

# ઇસ્લામિક કટ્ટરતાનું વરવું સ્વરૂપઃ ધાર્મિક ઉન્માદ અને વાસ્તવિકતા એ વિષય પર પ્રબુદ્ધ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા આજે તા. ૧૯.૦૨.૨૦૨૨, રવિવારના રોજ ×ઈસ્લામિક કટ્ટરતાનું વરવું સ્વરૂપઃ ધાર્મિક ઉન્માદ અને વાસ્તવિકતા× એ વિષય પર પ્રબુદ્ધ સંવાદ કાર્યક્રમનું આયોજન ભારતમાતા મંદિર, સે.-૭ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ ૨૦ જેટલા પ્રબુદ્ધજનોએ ભાગ લીધો હતો. જેમાં ૧૦ જેટલા યુવાઓએ પણ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ભારતીય વિચાર મંચના કાર્યકર્તા શ્રી વનરાજસિંહ ભાઈએ આ વિષય પ્રસ્તુતિ કરી. ત્યારબાદ દરેકે આ વિષય પર પોતાના વિચારો રજુ કર્યા. કાર્યક્રમમાં નીચેના મુદ્દાઓ ઉપર વિસ્તારથી ચર્ચા થઈ.

૧) ઈસ્લામનો ઉદભવ, તેનો ફેલાવો, તેઓના ધર્મગ્રંથો અને તેમાં લખેલી જીવન વ્યવહાર ની વાતો, કાફિરની વ્યાખ્યા વગેરેની વાત મુકાઈ.

૨) ભારતમાં ઈસ્લામનો પ્રવેશ, તેઓની હાલની સ્થિતિ, શિક્ષણનો અભાવ તેમજ મદરેસાઓમાં તેઓને અપાતું ધાર્મિક શિક્ષણ તેઓમાં કટ્ટરવાદ ના બીજ રોપે છે.

૩) હાલમાં દેશમાં બનેલી ઘટનાઓ પાછળ સુવ્યવસ્થિત ષડયંત્ર હોવાનું સ્પષ્ટ પુરવાર કરે છે

૪) તદુપરાંત હાલની પરિસ્થિતિમાં બીજા રાજકીય પક્ષો તથા વૈશ્વિક પરિબળો પણ આપણા દેશનું સામાજિક સૌહાર્દ બગાડવા માટે પ્રયત્નશીલ છે. ત્યારે પ્રગતિશીલ મુસ્લિમો નું કર્તવ્ય છે કે તેઓ સમાજને સાચી રાહ બતાવે.

૫) હિન્દૂ સમાજે દેશમાં ફરી આવી ઘટનાઓ ના બને તે માટે સંગઠિત તથા જાગૃત થઈને દેશવિરોધી તાકતો સામે લડવું પડશે.

કાર્યક્રમના અંતે ભારતીય વિચાર મંચ, ગાંધીનગર કેન્દ્રના અધ્યક્ષ શ્રી વાટલિયા સાહેબે સમાપન વક્તવ્ય રજુ કર્યું. ત્યારબાદ સૌ શાંતિમંત્રનો પાઠ કરીને છુટા પડ્યા.

# આહવા ખાતે 'સખી મેળા મા જોડાયેલી મહિલાઓ આત્મનિર્ભર બની

આહવાઃ તાઃ ૧૯:

ગુજરાત સરકારની છેલ્લા ૨૦ વર્ષની વિકાસ યાત્રાનુ 'વંદે ગુજરાત પ્રદર્શન' તેમજ સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજવસ્તુઓના વેચાણનો 'સખી મેળો' ડાંગના આંગણે આવી પહોંચ્યો છે.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે 'સખી મેળા' મા સખી મંડળની બહેનો દ્વારા જુદા જુદા પ્રદર્શન સહ વેચાણ સ્ટોલ્સ ગોઠવવામા આવ્યા છે.




ડાંગ જિલ્લાની હજારો મહિલાઓ 'સખી મંડળ' મા જોડાઈને આત્મનિર્ભર બની રહી છે. આહવા ખાતે આયોજિત સખી મંડળોની મહિલાઓ દ્વારા તૈયાર કરેલ, ૫૦ જેટલા વિવિધ વાનગીઓ, હેન્ડીક્રાફટની ચીજવસ્તુઓના વેચાણ-પ્રદર્શન સ્ટોલ્સ લોકાર્ષણ જમાવી રહ્યા છે.

આ મેળામા ડાંગ ઉપરાંત વિવિધ જિલ્લાઓમાંથી પણ હસ્તકળા, હેન્ડલૂમ, વિવિધ ફૂડ પ્રોડક્ટ સાથે સંકળાયેલા ગ્રામીણ મહીલા જૂથો આ મેળાનો હિસ્સો બનવા પધાર્યા છે. તેમના દ્વારા તૈયાર કરાયેલી કલાત્મક ચીજ વસ્તુઓ, આ મેળામા વેચાણ થઈ રહ્યું છે.

૨૧ જૂની ૨૦૨૨, સુધી સવારના ૧૦ થી રાત્રિના ૯ વાગ્યા દરમિયાન ચાલનારા આ 'સખી મેળા'મા ડાંગ જિલ્લાના સ્થાનિક લોકો મુલાકાત લઈ રહ્યા છે.

નરેન્દ્ર પવાર,ડાંગ



આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં વડોદરા ખાતે આયોજિત ગુજરાત ગૌરવ અભિયાનમાં સહભાગી થતાં માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ. વડોદરા ખાતેથી માન. પ્રધાનમંત્રીશ્રીના વરદ્? હસ્તે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત. સાથે ઉપસ્થિત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

## પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ મોટી સંખ્યામા રહ્યા ઉપસ્થિત

# આહવા ખાતે 'ગુજરાત ગૌરવ અભિયાન' કાર્યક્રમ યોજાયો



આહવા : તા : ૧૯:

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરક ઉપસ્થિતમા આજે વડોદરા ખાતે યોજાયેલા દ્વિતિય 'ગુજરાત ગૌરવ અભિયાન' કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લામા પણ, આહવા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાઓના લાભાર્થીઓને આવાસ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વડોદરા ખાતેથી ૨૧,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિભાગના પ્રકલ્પોના શુભારંભ, ખાતમુહૂર્ત અને ઈ- લોકાર્પણ કર્યું હતું. ત્યારે રાજયના છેવાડે આવેલ ડાંગ જિલ્લામા પણ પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મેળવનાર લોકોને, સ્થાનિક પદાધિકારીઓએ આવાસની ચાવી આપીને ગૃહ પ્રવેશ કરાવ્યો હતો.

આહવાના ડાંગ દરબાર હોલ ખાતે આયોજિત 'ગુજરાત ગૌરવ અભિયાન' ના આ કાર્યક્રમમા ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવીતે જણાવ્યુ હતુ કે, રાજ્ય અને કેન્દ્રની સરકાર ગરીબો, પીડિતો, વંચિતો તેમજ છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચે તે માટે કટિબદ્ધ છે. દેશનો કોઈપણ નાગરિક કાચા ઘરમા ના રહે, દરેક લોકોના પાકા મકાન બને, તે માટે પ્રધાનમંત્રી શ્રી મોદીએ આવાસ યોજના લાગુ કરી છે. ડાંગી પ્રજાજનોને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કરતા તેમણે જણાવ્યુ હતુ કે, જે લોકોના પાકા મકાન છે, તેઓએ અન્ય ગરીબ, વંચીત લોકોને પણ આવાસનો લાભ મળી રહે તે માટે પ્રયાસ કરવો જોઈએ. આ ઉપરાંત સરકાર ની દરેક યોજનાઓના લાભ લેવા માટે પ્રજાને અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમા ઉમેર્યું હતુ કે, સરકાર ઘરે ઘરે જઈ યોજનાનો લાભ આપવા તૈયાર છે, ત્યારે જે વ્યક્તિ યોજનાઓથી વંચીત હોય તેને યોજનાની જાણકારી આપી લાભ અપાવવો જરૂરી છે.

ડાંગ જિલ્લાના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ લેવાની સાથે પ્રજાએ પણ શ્રમદાન કરીને રહેવા લાયક સારુ આવાસ બનાવવુ જોઈએ. સરકારની વિવિધ યોજનાઓ, આયુષ્યમાન કાર્ડ યોજના, કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ લેવા માટે શ્રી પટેલે પ્રજાને અનુરોધ કર્યો હતો. ધરાસભ્યશ્રીએ વધુમા જણાવ્યુ હતુ કે, ગામમા વિકાસ કરવો હોય તો સૌ ગ્રામજનો સાથે મળીને એકતા દાખવી, જરૂરિયાતમંદ લોકોને સરકારી યોજનોનો લાભ અપાવવો જરૂરી છે. વિકાસ ના કામ માટે વિચારોમા પરિવર્તન લાવવુ જરૂરી છે.

કાર્યક્રમમા ઉપસ્થિત મહાનુભાવોએ જિલ્લાના વિવિધ વિસ્તારમાંથી આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસની ચાવી આપીને ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત દરેક લોકોએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો 'ગુજરાત ગૌરવ અભિયન' કાર્યક્રમ નિહાળ્યો હતો. આહવા ખાતે આયોજિત 'ગુજરાત ગૌરવ અભિયાન' કાર્યક્રમમા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વીપીન ગર્ગ, પ્રાયોજના વહીવટીદાર શ્રી કે.જે.ભગોરા, આહવાના સરપંચ, ડાંગ જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સદસ્યો તેમજ ભાજપ મહામંત્રી શ્રી રાજુભાઇ ગામીત, શ્રી કિશોરભાઈ ગાવીત તેમજ ગ્રામજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

# ડીસામાં ૧૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલનું લોકાર્પણ કરતાં પ્રદેશ ભાજપ અદ્યક્ષ



પાટણ તા.૧૯

બનાસકાંઠા નાં વેપારી મથક ડીસા ખાતે રવિવારના રોજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ નાં વરદ હસ્તે નીમ્સ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ ૧૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રંસગે અંગદાન પ્રણેતા દિલીપભાઈ દેશમુખ, લોકસભા સાંસદ પરબતભાઈ પટેલ, રાજયસભા સાંસદ દિનેશભાઈ અનાવાડીયા, ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલ, પૂર્વ મહામંત્રી કે સી પટેલ, નૌકાબેન પ્રજાપતિ, બનાસડેરી ચેરમેન શંકરભાઈ ચૌધરી, કાંકરેજ વિધાયક કીર્તિસિંહ વાઘેલા, ડીસા વિધાયક શશીકાંતભાઈ પંડ્યા, બનાસકાંઠા પ્રભારી નંદાજી ઠાકોર, સુરેશભાઈ શાહ, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ગુમાનસિંહજી ચૌહાણ, મહામંત્રી ડાહ્યાભાઈ પિલિયાતર,સહીત ધારાસભ્યો, જિલ્લા પંચાયત સદસ્યગણ, ભાજપ જિલ્લા કાર્યકર્તાઓ સહીત ડીસા મેડિકલ એશોસિએશનનાં તમામ ડોક્ટરગણ હાજર રહ્યાં હતા.

ડીસા ખાતે કાર્યરત ૧૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલ નું ઉદ્ઘાટન કરતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ એ જણાવ્યું હતું કે આ હોસ્પિટલ રાજસ્થાન સહીત ગુજરાતમાં ઉત્તર ગુજરાતનાં તમામ જરૂરિયાત મંદ દર્દીઓ માટે આશીર્વાદ રૂપ બની રહેશે તેમ જણાવી હોસ્પિટલ મેનેજમેંન્ટ અને જિલ્લા વાસીઓને અભિનંદન પાઠવી આ પ્રકારની માનવ સેવા કરતા તમામ સેવાધારીઓને બિરદાવ્યા હતા.અને મેડિકલ સેવા,અન્નદાન અને અંગદાન કરતા લોકો અને એનજીઓ નાં ભરપેટ વખાણ કરી આ સેવા સરવાણી ની પ્રંશસા કરી ,આવી સેવા કરવા તમામ અપીલ કરી હતી.તેઓએ માત્ર ૩ રૂપિયામાં ઘી રોટલી સાથે નું પાકું ભાણું આપનાર ગુજરાત નાં અન્નદાતાની પણ પ્રંશસા કરી હતી,અને જણાવ્યું હતું કે આ અન્નદાતા નાં કોઠાર આજે પણ ભરેલા છે જો તમો સેવા યગ્ય કરશો તો દાતાઓ આપો આપ જોડાશે અને માનવ કલ્યાણ ની જ્યોત પ્રજ્વલિત થતી રહેશે.દેશની તમામ ખાનગી હોસ્પિટલો માં પીએમ આયુષ્યમાન કાર્ડ લાભાર્થીઓને નિઃશુલ્ક મેડિકલ સહાય મળે છે તેવું જણાવી તેમને પ્રધાનમન્ત્રી મોદી ની આયુષ્માન ભારત યોજના થકી મોટાં ખર્ચના તમામ રોગો સામે નિઃશુલ્ક સારવાર યોજનાનું મહત્વ સમજાવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK